**સુવિચાર**
સુખ માણસનાં મનમાં જ સમાયેલ છે.
માણસ તેને નથી ઓળખી શકતો તે જ તેનું દુઃખ છે.
:: સૌજન્ય ::
**નિલકંઠ જ્વેલર્સ**
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૯/૦૭/૨૦૨૩, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ
(ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ અ.શ્રાવણ સુદ-૧૧ વર્ષ : ૧૫ અંક : ૧૬૩

## ધારાસભ્ય જનક તળાવીયા સહિતનાં આગેવાનો મોટા ઉપાડે ભૂમિપૂજન કરી ગયા હતા

# તાઈવદરમાં અધુરા પુલનાં કારણે ગામજનો તોબા...તોબા

**ગોઠણડૂબ પાણીમાં ગામજનો અને વિદ્યાર્થીઓને ચાલવાની ફરજ પડી રહી છે**

**વિકાસની ગુલબાંગો વચ્ચે સદીઓ જૂની સમસ્યા જોવા મળી રહી હોય જનતા જનાર્દન પરેશાન**

**પુલનું કામ ક્યારે શરૂ થશે અને ક્યારે પૂર્ણ થશે તેની કોઈ જાણકારી મળી શકતી નથી**

**ગામના જાગૃત નાગરિક ગૌતમભાઈ ખાચરે પુલનું કામ શરૂ કરવા માંગ કરી**





તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૮

બાબરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં સ્થાનિક નદીઓમાં ચોમાસામાં ઘોડાપુર આવતા મહિનાઓ સુધી ગામના લોકોને પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવાની ફરજ પડે છે પણ સ્થાનિક અધિકારી અને નેતાઓનું પેટનું પાણી હલતું નથી. તાલુકાના ખાખરીયા ગામના લોકો છેલ્લા બે વર્ષથી પુલની માંગ કરી રહ્યા છે તો તાઈવદર ગામના લોકો અધૂરા પુલના કામના લીધે હાલાકી ભોગવી રહ્યા છે. ત્યારે ધારાસભ્યએ તાલુકાના પાંચાલ વિસ્તારનો પ્રવાસ કરી લોકોને પડતી મુશ્કેલીઓ દૂર કરવી જોઈએ તેવી લોકોમાંથી માંગ ઉઠવા પામી છે.

બાબરા તાલુકાના તાઈવદર ગામના જાગૃત નાગરિક ગૌતમભાઈ ખાચરે જણાવ્યું હતું કે, ત્રણ મહિના પહેલા ધારાસભ્ય જનકભાઈ તલાવીયા સહિતના તાલુકાના મોટા નેતાઓએ અહીં દોઢ કરોડના ખર્ચે પુલનું ભૂમિપૂજન કર્યુ હતું. ત્યારે ગામના લોકોમાં રાહતની લાગણી સાથે આનંદ જોવા મળ્યો હતો પણ તે આનંદ અને રાહત થોડો સમય રહ્યો. કારણ કે અહીં પુલનું કામ શરૂ થતાં નબળું કામ કરવામાં આવતા સ્થાનિક ગામના લોકોએ એકઠા થઈ કામ બંધ કરાવ્યું હતું અને ઉચ્છકક્ષાએ રજુઆત કરવામાં આવી હતી. પણ આજદિન સુધી તાલુકાના કે જિલ્લાના એકપણ અધિકારીએ સુપરવિઝન કર્યુ નથી તેમજ ધારાસભ્ય પણ પુલનું ભૂમિપૂજન કર્યા બાદ દેખાયા નથી જેના કારણે સ્થાનિક ગામના લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

વધુમાં જણાવ્યું હતું કે, કોન્ટ્રાકટરની મિલીભગતના કારણે

**અનુસંધાન પાના ૬ ઉપર**

### ''નલ સે જલ'' યોજનાની અમલવારી કરાતી નથી

## હે રામ : જાફરાબાદમાં અનેક વિસ્તારમાં પીવાનું પાણી ખરીદવા પૈસા ખર્ચવા પડે છે

**પાલિકાનાં અધિકારીઓ ઉડાઉ જવાબ આપતા હોવાની ફરિયાદ**



તસ્વીર : ભરત બારૈયા–જાફરાબાદ

જાફરાબાદ, તા. ૨૮

જાફરાબાદના સામાકાંઠા વિસ્તારમાં ઘણા સમયથી પાણી અમુક વિસ્તારોમાં વિતરણ કરવામાં નથી આવ્યું ૮ દિવસોમાં મળતું પાણી પંદર દિવસમાં પણ મળતું નથી. લોકોને પીવાનું પાણી તો ઠીક પરંતુ વાપરવાનું પાણી રૂા. ૨૦૦ આપી ટાંકા મંગાવી લોકો પાણી પીવા તથા વાપરવા માટે રૂપિયા ૨૦૦નું પાણી વેચાતું મંગાવવાની નોબત પાલિકાને લોકો દરેક સ્તરે વેરા ભરવા છતાં પણ સુવિધા દેવામાં કેમ આંખ આડા કાન કરવામાં આવે છે.

સુવિધા દેવામાં થતાં તાતાથૈયા જાગૃત નાગરિક પાણી બાબતે મૌખિક રજૂઆત કરવા જાય તો તેઓને ઉંધા ચશ્મા પહેરાવી દેવામાં આવે છે. અને જવાબદાર અધિકારી દ્વારા જણાવવામાં આવે છે કે ઉપરથી પાણી આવ્યું નથી આવશે તો વિતરણ કરવામાં આવશે. તેવો ઉડાઉ જવાબ આપી દેવામાં આવે છે. જાફરાબાદ નગરપાલિકાને નાગરિકો દ્વારા વેરો ભરવા માટે એક કલાક લાઈનમાં રહી કરવેરા ભરવા છતાં પણ જીવન જરૂરી પાણી પણ દેવામાં પાલિકા કચેરી કરી

**અનુસંધાન પાના ૬ ઉપર**

### લાખાપાદર ગામે બનેલ ઘટનામાં ૩ વ્યક્તિનાં મોતની ઘટના બાદ બીજી ઘટના

## અમરેલીનાં ફતેપુર ગામનાં 31 વર્ષિય યુવક ભાવેશ મુંધવાનું ઠેબી નદીમાં ડૂબી જવાથી મોત

**માલઢોર નદીમાં પાણી પીતા હોય તેને બહાર કાઢવા જતાં યુવક ડૂબી ગયો**




અમરેલી, તા. ૨૮

ચાલું સાલે ચોમાસામાં પડેલ ભારે વરસાદનાં કારણે લગભગ તમામ નદી–નાળાઓ છલકાય ગયા છે. ત્યારે છેલ્લા કેટલાંક દિવસોથી અમરેલી જિલ્લામાં પાણીમાં ડૂબી જવાની ઘટના બની રહી છે. ત્યારે આજે પણ અમરેલી નજીક આવેલ ફતેપુર ગામ નજીક વધુ એક યુવાન ઠેબી નદીમાં ડૂબી જતાં મોત થતાં તેમને અમરેલી ફાયર ફાયટરે રેસ્કયુ કરી બે કલાકની જહેમત બાદ આ યુવકનો મૃતદેહ પાણીમાં બહાર કાઢી સરકારી દવાખાને ખસેડાયેલ છે.

આ બનાવમાં સુત્રોમાંથી જાણવા મળતી વિગત મુજબ અમરેલી તાલુકાનાં ફતેપુર ગામે રહેતા અને માલઢોર ચરાવતા લાલો ઉર્ફે ભાવે મયાભાઈ મુંધવા નામનાં ૩૧ વર્ષિય યુવક પોતાના માલઢોરને ફતેપુર ગામ નજીક આવેલ ઠેબી નદીમાં ચરાવી રહ્યા હતા. ત્યારે માલઢોર નદીમાં ઉતરી જતાં તેને પાણીમાંથી બહાર કાઢવા માટે આ યુવક નદીમાં જતાં અકસ્માતે તે નદીનાં પાણીમાં તણાય જવાથી તેનું ડૂબી જવાથી મોત થયાનું અમરેલી તાલુકા પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### અમરેલીની સેશન્સ કોર્ટમાં કેસ ચાલી જતાં

## બાબરાનાં દરેડ ગામે લૂંટ ચલાવનાર પાંચ શખ્સોને આજીવન કેદની સજા

**સરકારી પક્ષે એડવોકેટ મમતાબેન ત્રિવેદીની દલીલો સફળ રહી**

અમરેલી, તા. ૨૮


બાબરા તાલુકાનાં દરેડ ગામની સીમમાં ચાર વર્ષ પહેલા રાત્રીનાં સમયે વાડીમાં સુતેલા એક વૃધ્ધ દંપત્તિ ઉપર કુખ્યાત બાવલી ગેંગ ધ્વારા જીવલેણ હુમલો કરી સોના–ચાંદીના દાગીના સહિત રૂા. ૧.૫૨ લાખની માલમતાની લૂંટની ઘટના અંગેનો કેસ અમરેલી સેશન્સ કોર્ટમાં ચાલી જતા સત્ર ન્યાયધીશે બાવલી ગેંગનાં પાંચ આરોપીઓને આજીવન કેદ તેમજ દરેકને રૂપિયા ૪૦ હજારનો દંડ અને આ આરોપીઓ પાસેથી દાગીના રાખનાર બે વેપારીઓને આજીવન કેદ અને ૫૦ હજારનાં દંડની સજાનો હુકમ કરેલ હતો.

પ્રાપ્ત વિગત મુજબ ગત તા. ૭/૬/૨૦૧૯નાં રોજ બાબરાના દરેડ ગામની સીમમાં રહેતા ડાયાભાઈ ઓઘડભાઈ ભરવાડ અને તેમના પત્ની જાનુબેન સુતા હતા. ત્યારે રાત્રીના સમયે ત્રણ અજાણ્યા શખ્સોએ વાડીમાં પ્રવેશ કરી વૃધ્ધ દંપત્તિ ઉપર કુહાડી, ધોકા વડે જીવલેણ હુમલો કરી લોહીલુહાણ અને બેભાન હાલતમાં બન્નેને ખાટલા સાથે બાંધી દઈ તેમણે પહેરેલ સોના–ચાંદીનાં દાગીના તેમજ મોબાઈલ સહિત રૂા. ૧,૫૨,૫૦૦નાં માલમતાની લૂંટ ચલાવી રૂમનો દરવાજો બહારથી બંધ કરી નાસી છુટેલ હતા.

જે અંગેની ફરિયાદ મહેશભાઈ ડાયાભાઈ સિરોડીયાએ બાબરા પોલીસ મથકમાં નોંધાવેલ હતી. જે અંગે તે સમયનાં એસપી નિર્લિપ્ત રાયની એલસીબીના પીઆઈ આર.કે. કરમટાની ટીમ ધ્વારા ગુજરાતમાં હત્યા, લૂંટ ચલાવી તરખાટ મચાવનારા બાવલી ગેંગનાં ચંદુ જિલિયા (ઉ.વ. ૫૨), કિશન ઉર્ફે

**અનુસંધાન પાના ૬ ઉપર**

**નંદભુવન સોસાયટી**
ખુલ્લા પ્લોટોનું વેચાણ શરૂ કરેલ છે
સાઈટ : ચિતલ રોડ, ભાવકા ભવાની મંદિરથી પ્રતાપપરા જવાના રસ્તે
સુચિત ''રીવરફ્રન્ટ પ્રોજેકટની સાવ નજીક''
તૈયાર કબ્જો
૯૦ વારથી વધુના પ્લોટો
ફક્ત ૨૩ પ્લોટનું વેચાણ કરવાનું છે
બુકીંગ માટે સંપર્ક
મો. ૮૩૫૬૮ ૪૯૧૯૩ ▪ મો. ૯૮૨૦૦ ૨૮૦૦૪



**નારી** વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
દુરબીનથી થતા ગર્ભાશય અને અંડાશયની ગાંઠના ઓપરેશનની સેવાઓ ઉપલબ્ધ...
ડૉ. ચિરાગ કુબાવત (M.B.D.G.O.)
Diploma in Gynec Endoscopy (FRANCE)
સ્ત્રીરોગ, પ્રસુતી તથા દુરબીનથી થતા ઓપરેશનના નિષ્ણાંત Mo. 9327361084
ડૉ. ઉપાસના સી. કુબાવત
(M.B.D.C.H.)
નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત
Mo. 9723799091
ઉપલબ્ધ સુવિધાઓ...
• નોર્મલ/જોખમી સિઝેરીયન ડિલીવરી
• પેઈનલેસ (પીડા રહિત ડીલીવરી)
3D/4D કલર ડોપ્લર/ જોડકાપણની સોનોગ્રાફી
• ટાંકાવાળુ, ટાંકાવગરનું તથા દુરબીનથી થતા ગર્ભાશયના ઓપરેશન • વંધત્વની વૈજ્ઞાનિક/આધુનીક સારવાર/IUI • ૨૪ કલાક કાર્યરત
• લીફ્ટ, લેબોરેટરી, એમ્બ્યુલન્સની સુવિધા
ઓપીડી સમય સોમવાર થી શનિવાર સવારે ૯ થી ૨ સાંજે ૫ થી ૮
ઉપલબ્ધ સુવિધાઓ...
• રસીકરણ કેન્દ્ર
• નવજાત શિશુ દાખલ કરવા અદ્યતન NICU
• આહાર સંબંધીત સમસ્યાઓ
• કુપોષણવાળા બાળકોની સર્વાંગી તપાસ સારવાર • જન્મથી ૧૭ વર્ષ સુધીના બાળકોની તપાસ/સારવાર
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

### સલામત સવારી એસ.ટી. અમારીનાં સુત્રનો દાવો પોકળ જોવા મળી રહ્યો

# ઉના-ગાંધીનગર રૂટની એસ.ટી. બસ બે કલાક મોડી ઉપાડતા મુસાફરો રઝળી પડયા

### સમાચાર પ્રસિદ્ધ થતાં ઉના ડેપો મેનેજર દ્વારા પત્રકારને દબાવવાનો પ્રયાસ



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૨૮

સ્વચ્છ સલામત સમય બધ્ધના સ્લોગનો લગાવી ફરતી એસ.ટી.ની બસ ઉના બસ સ્ટેશનમાંથી મોડી ઉપડતાં મુસાફરો રઝળી પડયા હતા.

અવાર નવાર મુસાફરી કરતા લોકો સમયસર પહોંચવા માટે એસટીની બસોમાં આવન જાવન કરતા હોય છે ત્યારે ગીર ગઢડાથી ઉપડતી ગીરગઢડા ઉના ગાંધીનગર બસના ડ્રાઈવરની તબિયત બગડી હોય અને અન્ય ડ્રાઈવર આવ્યા બાદ બે કલાક બાદ બસ ઉપડતા મુસાફરો રઝળી પડયા હતા.

પ્રાપ્ત વિગતો અનુસાર સ્વચ્છ સલામત સમય બધ્ધના રણશિંગા ફુંકતી ઉના એસટી ડેપોની રાત્રીના ૮:૩૦ વાગ્યે ઉપડતી ગીરગઢડા, ઉના, અમરેલી, અમદાવાદ, ગાંધીનગર જીજે ૧૮ ઝેડ ૩૨૦૯ નંબરના બસના ડ્રાઈવરની તબિયત બગડી હોય અને બસ ઉપડવાના સમયે ડ્રાઈવર ફરજ પર પણ આવેલ ન હોય ત્યારે ઉના એસટી વિભાગ દ્વારા અન્ય ડ્રાઈવરને ફરજ પર બોલાવી રાત્રીના ૮:૩૦ વાગ્યે ઉપડતી બસ ૧૦:૨૭ (બે કલાક બાદ) વાગ્યે ઉપડતા પુઢષો, મહિલાઓ તેમજ બાળકો સહિતના મુસાફરો રઝળી પડયા હતા.

જયારે બે કલાક મોડી થયેલ બસ બાબતે પત્રકાર દ્વારા ઉના એસટી વિભાગના ડેપો મેનેજરને રજૂઆત કરવામાં આવતા જણાવ્યું હતું કે તમે રૂબરૂ મળો ત્યારે રૂબરૂ જતા તેઓ દ્વારા ગેરવર્તન કરી રાજકીય આગેવાનોને ફોન કરી દબાવવાનો પણ પ્રયાસ કર્યો હતો તેમજ ઉના ડેપો મેનેજરને અન્ય ગામડાઓમાંથી બસ બાબતે રજૂઆત કરવામાં આવે છે. ત્યારે તેઓ લોકોને રૂબરૂ બોલાવે છે ત્યારે પોતાની મનમાની ચલાવતા આવા અધિકારીઓ વિરૂદ્ધ એસટી વિભાગ દ્વારા પગલાં લેવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

## શું કહે છે મુસાફરી કરનાર શૈલેષભાઈ પટેલ

ઉના ગાંધીનગર રૂટની એસટી બસમાં મુસાફરી કરનાર શૈલેષભાઈ પટેલ દ્વારા જણાવાયું હતું કે રાત્રીના ૮:૩૦ કલાકે ઉપડતી એસ.ટી. બસમાં અમદાવાદ જવાનું હતું. પરંતુ દોઢ કલાકથી વધુ સમય વીતવા છતાં બસ આવેલ નથી અને એસ.ટી. વિભાગને ફોન કરવામાં આવતા ફોન ઉપાડવામાં આવતા નથી અને જયારે મોડી થયેલ બસ અંગે કંડકટરને પૂછવામાં આવે છે તો કહેવામાં આવે છે કે દસ મિનિટ લેટ છે, અડધો કલાક લેટ છે તેવું જણાવવામાં આવે છે.

### હવાઈઅડ્ડા બને કે વંદે ભારત ટ્રેન ધમધમે પરંતુ અમરેલીને તો ઠેંગોજ

# આલેલે : અમરેલીથી અમદાવાદ પહોંચવામાં ૧૯૭૫ માં જે સમય લાગતો હતો તેટલો જ સમય આજે લાગે છે

### જિલ્લાની જનતાને તો અન્ય શહેરોમાં મળતી સુવિધાથી જ આનંદ લેવો પડે છે

અમરેલી, તા. ૨૮

અમરેલી જિલ્લાનું મથક છે રોજના હજારો લોકો અમદાવાદ, વડોદરા, સુરત મુસાફરી કરે છે. અમરેલીની લાઈફલાઈન એસ.ટી. બસ છે કારણ કે રેલવે વ્યવસ્થા નહિવત છે. સરકાર તમામ વ્યવસ્થાઓ સુવિધાઓ પૂરી પાડે છે, અદ્યતન બસ, ખૂબ સારા રસ્તા, આધુનિક એસ.ટી. ડેપો, ઓનલાઈન બુકિંગ તેમ છતાં કંઈક ખૂટે છે.

અમરેલી–અમદાવાદ મોટાભાગની બસ સાત કલાક લે છે. વડોદરા વરસોથી આઠ કલાક, સુરત અગિયારથી બાર કલાક રોડ રસ્તા વાહન બધું ખૂબ સારૂં હોવા છતાં વ્યાજબી નથી. અમરેલી–અમદાવાદ વન સ્ટોપ બસ પાંચ કલાકમાં અમદાવાદ પહોંચે તો પુષ્કળ ટ્રાફિક મળે. તેવી જ રીતે વડોદરા–સુરત માટે પણ થઈ શકે. ગાંધીનગર–અમરેલી એસી બસની તો વાત જ નહીં, લોકો સમય સુવિધા માટે વધુ ભાડું આપે પણ આ બસ ગાંધીનગરથી સરખેજ આવવામાં બે કલાકથી વધારે સમય લે છે. બપોરે ૧–૩૦ કલાકે ગાંધીનગરથી ઉપડી ૩–૩૦ કલાકે સરખેજ પહોંચે છે અને તે પણ સમયસર હોય તો કારણ કે આ બસ ગાંધીનગરથી બાપુ નગર, ગીતામંદિર, પાલડી, નહેરૂનગર એમ આખું અમદાવાદ ફરીને આવે છે. આ બસને ગોતા, હાઈકોર્ટ, ઈસ્કોન, એમએસજી રોડ પર લાવે તો ગાંધીનગરથી સરખેજ બે કલાકને બદલે ૪૦ મિનિટમાં પહોંચી જાય અને લોકોનો દોઢ કલાક જેટલો સમય પણ બચે. મોટા ભાગની બસ વાયા ગઢડા–બોટાદ હોય ગામમાં આવવા જવામાં સમય લાગે છે જેમ બને તેમ વધુ બસ વાયા ધોળા ચાલે તો ઘણો સમય બચે અને ટ્રાફિક તો મળી જ રહેશે.



અમરેલી જિલ્લા નું મથક હોય રાજયના મોટા શહેરો સાથે ઝડપી બસ સેવાથી જોડવું જોઈએ, રાજયના ઘણા બધા શહેરમાં આ વ્યવસ્થા છે તો અમરેલીમાં કેમ નહિ. રેલવે નથી તો બસ સુવિધાઓ ખૂબ સારી જરૂરી છે. અમરેલીને વિવિધ યાત્રાધામ સાથે જોડવું જરૂરી છે, અમરેલીને નજીકના રાજયો સાથે પણ જોડવું જરૂરી છે, લોકો ઘણા વર્ષોથી આવી માંગણી કરી રહ્યા છે. અમરેલી–મુંબઈ બસ કયાં કારણથી બંધ થઈ તે સમજાતું નથી. મુંબઈ બસ બપોરે ૧૨ને બદલે બપોરે ૩ વાગ્યે ઓછા સ્ટોપ વાયા ધોળા ઉપડે તો રિઝર્વેશન પણ ખુબ વહેલું કરાવવું પડે એટલો ટ્રાફિક મળે. અમરેલીના વિકાસ માટે વાહનવ્યવહાર એક મહત્વપૂર્ણ પરિબળ છે. એસ.ટી. તંત્ર દ્વારા નવા આધુનિક પોર્ટના લોકાર્પણ પહેલા ખુબ સારી સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવે તે જરૂરી છે. તેમ બિપિન જોષીની એક યાદીમાં જણાવાયું છે.

## અમરેલી : સારહિ તપોવન આશ્રમ ખાતે ગાયત્રી યજ્ઞ યોજાયો



અમરેલી, તા. ૨૮

સારહિ તપોવન આશ્રમ ખાતે તેમનાં સ્વપ્ન દ્રષ્ટા પ્રેરણા – સ્ત્રોત મુકેશભાઈ સંઘાણી નાં સંકલ્પ અનુસાર બની રહેલા, તપોવન આશ્રમનું નિર્માણ કાર્ય થાય ત્યાં સુધી દર રવિવારે 'ગાયત્રી યજ્ઞ' કરવામાં આવે છે, તેમાં આજ રોજ જીતુભાઈ બથવારનાં સહ પરિવારને યજ્ઞમા બેસવાનો લાભ મળ્યો અને યજ્ઞ વિધી કરી.

(ગાયત્રી જ્ઞાન મંદિર ટ્રસ્ટ અમરેલીનાં પરિજનો પંકજભાઈ રાજયગુરૂ, રશ્મિનભાઈ વ્યાસએ ગાયત્રી યજ્ઞ કરાવ્યો સારહી પરિવાર વતી હૃદય પૂર્વક આભાર માનવામાં આવેલ.

### પોલીસ અધિક્ષકની સુચનાથી કામગીરી કરતી પોલીસ ટીમ

# સાવરકુંડલામાં મોબાઈલ ફોનની ચીલઝડપ કરનાર ઈસમને એલસીબીએ ઝડપી લીધો

### બાઈક સહિતનો મુદ્દામાલ કબ્જે થયો

અમરેલી, તા. ૨૮

સાવરકુંડલા ટાઉનમાં મોબાઈલ ફોનની ચીલ ઝડપ કરનાર ઈસમને મોબાઈલ ફોન, મોટર સાયકલ સહિત કુલ કિંમત રૂા. ૫૩,૪૯૯ના મુદ્દામાલ સાથે પકડી પાડી, ચીલ ઝડપના ગુન્હાનો ભેદ અમરેલી એલ.સી.બી. ટીમે ઉકેલી લીધેલ છે.



વિગત એવા પ્રકાની છે કે, ગત તા. ૧૩/૫ ના રોજ સાંજના સાડા છ વાગ્યે સાગરભાઈ દેવજીભાઈ મકવાણા, રહે. સાવરકુંડલાવાળા હીરા ઘરસવાનું કામ પુરૂ કરી વેજલપરાથી ચાલીને પોતાના ઘરે જતા હતા. તે દરમિયાન કાણકીયા કોલેજના ગેઈટ પાસે એક અજાણ્યો ઈસમ અચાનક મોટર સાયકલ લઈ આવી, આ સાગરભાઈના શર્ટના ખીસ્સામાં રાખેલ એન્ડ્રોઈડ મોબાઈલ ફોન કિંમત રૂા. ૧૮,૪૯૯ની ચીલ ઝડપ કરી, મોટર સાયકલ લઈ નાશી જઈ ગુનો કરેલ હોય, તેમજ ગઈ તા. ૧૪/૫ નાં રોજ સાવરકુંડલા, કાપેલીધાર પાસેથી સામતભાઈ ખોડાભાઈ પાસેથી અજાણ્યા મોટર સાયકલ ઈસમે એન્ડ્રોઈલ મોબાઈલ ફોનની ચીલ ઝડપ કરેલ હોય. આ અંગે સાગરભાઈએ અજાણ્યા આરોપી વિરૂધ્ધ ફરિયાદ જાહેર કરતા સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયેલ હતો.

અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહે આ પ્રકારના ચીલ ઝડપના અનર્ડીટેકટ ગુન્હાના આરોપીને શોધી કાઢી, તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા અમરેલી એલ.સી.બી.ને માર્ગદર્શન આપેલ હતું. એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ. પટેલની રાહબરી હેઠળ એલ.બી. ટીમ દ્વારા ઉપરોકત ગુનાના અજાણ્યા આરોપી અંગે તપાસ હાથ ધરવામાં આવેલ અને સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન સાવરકુંડલા, કાપેલધાર પાસેથી પિન્ટુ અંબારામભાઈ ગોંડલીયા (ઉં.વ. ૨૨) રહે.ભેકરા, તા. સાવરકુંડલા હાલ રહે. ૮૭ કૈલાસધામ સોસાયટી, સીતાનગર, પુણા ગામ, સુરતવાળા ઈસમને શંકાસ્પદ હાલતમાં મોટર સાયકલ સાથે આંટા ફેરા કરતા પકડી પાડી, મજકુર પાસેથી શંકાસ્પદ મોબાઈલ ફોન મળી આવતા જે અંગે પુછપરછ કરતા ઉપરોકત ચીલ ઝડપ કરેલ હોવાની કબુલાત આપતા, પકડાયેલ આરોપીને એન્ડ્રોઈડ મોબાઈલ ફોન કિંમત રૂપિયા ૧૮,૪૯૯ તથા બીજો એન્ડ્રોઈડ મોબાઈલ ફોન કિંમત રૂા. ૫,૦૦૦ તથા એક મોટર સાયકલ નં. જી.જે. ૦૧ એમ.કે. ૬૮૨૫ કિંમત રૂપિયા ૩૦,૦૦૦ મળી કુલ કિંમત રૂા. ૫૩,૪૯૯ના મુદ્દામાલ સાથે આગળ ની કાર્યવાહી થવા સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

### માતા અને બાળકનો અમૂલ્ય જીવ બચાવ્યો

# અમરેલી : વાડી વિસ્તારમાં મજૂરી કરતા સગર્ભા મહિલા માટે ૧૦૮ આશિર્વાદરૂપી બની

### ૧૦૮નાં સ્ટાફ દ્વારા દર્દીને સ્ટ્રેચરમાં લઈ ૨ કિલોમીટર કીચડમાં ચાલ્યા



અમરેલી, તા. ૨૮

અમરેલીના ચકકરગઢ ગામના વાડી વિસ્તારમાં મજૂરી કરતા પરપ્રાંતીય પરિવારના રમીલાબેનને પ્રસુતિની અસહ્ય પીડા ઉપડતા તેમના પતિએ ૧૦૮ ઈમરજન્સીને મદદ માટે કોલ કરેલ. અમરેલી ૧૦૮ એમ્બ્યુલન્સ ચક્કરગઢ ગામ જવા રવાના થઈ હતી. દર્દી વાડી વિસ્તારમાં હતું અને વરસાદના કારણે એમ્બ્યુલન્સ જઈ શકે તેમ નથી. ત્યારે ઈએમટી કલ્પેશ કંટારિયા તથા પાયલોટ યુનુશભાઈ સૈયદ જરૂરી મેડિકલ સાધનો લઈ ૨ કિલોમીટર ચાલીને સ્થળ પર પહોંચી દર્દીની તપાસ કરતા દર્દીને પ્રસુતિનો અસહ્ય દુઃખાવો હતો. વરસાદને કારણે વાડી વિસ્તારનો કાચી પગદંડી માર્ગમાં પાણી તથા કીચડ હોવાથી ૧૦૮ ના સ્ટાફે સુજબુજતા પૂર્વક સ્પાઈન ટ્રેચરમા દર્દીને સુવડાવીને ૨ કિલોમીટર કીચડમાં ચાલીને ૧૦૮ એમ્બ્યુલન્સમાં લઈ ગયેલ હતા. ત્યારબાદ દર્દીને અસહ્ય દુઃખાવો થતાં અમદાવાદ ઓફિસમાં રહેલા ફિઝિશિયનની સલાહ પ્રમાણે એમ્બ્યુલન્સની અંદર જ નોર્મલ ડિલિવરી કરાવી માતા અને બાળકનો અમૂલ્ય જીવ બચવેલ તથા પ્રાથમિક સારવાર સાથે અમરેલી સિવિલ હોસ્પિટલમાં દાખલ કરેલ હતા. દર્દીના સગા–સંબંધીઓએ ૧૦૮ના કર્મચારીનો આભાર માન્યો હતો તથા ૧૦૮ ઈમરજન્સી પ્રોગ્રામ મેનેજર દિલીપ સોલંકી અને જિલ્લા અમરેલી અધિકારી યુવરાજસિંહ ઝાલા દ્વારા પણ સારી કામગીરી બદલ અમરેલી ૧૦૮ ના સ્ટાફને અભિનંદન પાઠવ્યા હતા. આમ ફરી એકવાર ૧૦૮ સેવા પરપ્રાંતીય મહિલા અને માતા માટે આશીર્વાદરૂપ બની.

## ખાંભા : તાતણિયાની જનતા વિદ્યાલયમાં વાર્તા કથનની સ્પર્ધા યોજાઈ



ખાંભા, તા. ૨૮

અમરેલી જિલ્લાના ખાંભા તાલુકામાં સર્વોદય સરસ્વતી મંદિર, બાબાપુર સંચાલિત જનતા વિદ્યાલય, તાતણિયામાં સંસ્થાના ૭૫ વર્ષ પૂર્ણ થયા હોઈ ઉજવાઈ રહેલ અમૃત મહોત્સવના અનુસંધાને તારીખઃ ૧૫/૦૭/૨૦૨૩નાં રોજ શાળાના ' પૂજય બા દાદા એન.એસ.એસ.યુનિટ' અને કરૂણા કલબ દ્વારા વાર્તા કથનની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ અનુસંધાને શાળાના તમામ વિદ્યાર્થીઓને આગલા દિવસે એક સુંદર મજાની વાર્તા શોધી અને બીજા દિવસે તેનું કથન પ્રાર્થના સભામાં કરવાની સૂચના આપવામાં આવેલ. આ સ્પર્ધામાં કુલ ૯ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ. વાર્તા ઘણું બધું શીખવતી આપણી સાંસ્કૃતિક અને વારસાગત પ્રવિધિ છે. ભારતીય બાળકો માટે તો દાદા–દાદી એટલે વાર્તા અને વાર્તા એટલે દાદા–દાદી. આપણી કેટલી વારસાગત જૂની વાર્તાઓ, લોકવાર્તાઓ, બોધપાઠ આપતી વાર્તાઓનો ખજાનો ભારતીય સંસ્કૃતિ પાસે પડ્યો છે. ત્યારે વાર્તા કથનની આ પ્રવૃત્તિ બાળકો શીખે અને તેમાંથી બોધપાઠ લે તે માટે આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ.

જેમાં સુંદર મજાની વાર્તાઓ 'તુંબડી તડમ તડમ', ' પરશોત્તમ માસની વાર્તા', 'લોભિયા કઠિયારાની વાર્તા'– જેવી અનેક વાર્તાઓ બાળકો દ્વારા કહેવામાં આવેલ. જેમાં પ્રથમ ક્રમે મોભ હનુભાઈ અને દ્વિતીય ક્રમે સમા હિનાબેન તથા તૃતીય ક્રમે સરવૈયા પ્રિયાંશી બેન રહેલ છે. આ તકે આચાર્યએ પણ પોતાની લખેલી એક બાળવાર્તા 'આળસુ ઝોરોન' કહેલ. ભાગ લેનાર તમામ બાળકોને ઈનામ અને સર્ટિફિકેટ વાર્ષિકોત્સવમાં આપવામાં આવશે. તેવું શાળા દ્વારા જણાવવામાં આવેલ.

વાર્તા દ્વારા બાળકોનું સુંદર રીતે ઘડતર થઈ શકે તેનો આ અનોખો પ્રયોગ ખૂબ સફળ રહેલ. બાળકોએ પણ ખૂબ આનંદ કરેલ અને શિક્ષકોને પણ ખૂબ મજા પડેલ. ટ્રસ્ટ પરિવાર દ્વારા સમગ્ર શાળા પરિવારને આ દિવસની ઉજવણી માટે અભિનંદન પાઠવવામાં આવ્યા હતાં.

### પાલિકાનાં ચીફ ઓફિસરે તાકીદ કરી

# અમરેલી શહેરમાં આવેલ ભયજનક અને જર્જરિત મકાનો તાકીદે ઉતારી લો

### જે કોઈ ભયજનક મકાન દૂર નહી કરે તો કાર્યવાહી કરાશે

અમરેલી, તા. ૨૮

ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની જોગવાઈઓ અનુસાર આ જાહેર નોટીસ આપવામાં આવે છે કે, અમરેલી શહેર હદ વિસ્તારમાં આવેલ તમામ સરકારી, અર્ધ સરકારી, બિન સરકારી, ખાનગી, સ્લમ તથા અન્ય તમામ કવાર્ટસ તથા મકાન/ઈમારતમાં રહેતા કે ઉપયોગ કરતા કે હિત ધરાવતા તમામ વ્યકિતઓ/સમૂહને જાહેર ચેતવણી/ નોટીસ આપવામાં આવે છે કે, તેઓએ પોતાના મકાનનો ભયજનક/જર્જરીત ભાગ તાકીદે ઉતારી લઈ બાકીના ભાગને સુરક્ષિત કરવાની કાર્યવાહી કાયદાને આધીન કરવાની રહે છે. અન્યથા મકાન કે તેનો ભયજનક જર્જરીત ભાગ પડી જવાથી તે મિલ્કત કે આસપાસની મિલ્કતને કે જાનમાલને નુકશાન થશે. તો તેની સંપૂર્ણ જવાબદારી આવા મકાન/ઈમારતનાં માલિક, કબ્જેદારો, હિત ધરાવતા તમામ વ્યકિતઓની રહેશે જેની ગંભીર નોંધ તમામે લેવી. આવા ભયજનક/ જર્જરીત મકાનોમાં કોઈપણ વ્યકિતએ પ્રવેશ કરવો/કરવાનો નહિ વસવાટ કે અન્ય કોઈ ઉપયોગ કરવો નહિ તેમજ આવા ભયજનક જણાતા મકાનની આસપાસ અવર–જવર કરવી નહિ તથા આજુબાજુના મકાન ઉપયોગ કર્તાઓએ સાવચેતીના ભાગરૂપે પુરતી કાળજી રાખવી. અમરેલી નગરપાલિકાએ ગુજરાત નગરપાલિકા અધિનિયમની જોગવાઈઓને આધીન અગાઉ નોટીસો આપેલ છે. છતાં ઉપરોકત બાબતે જવાબદાર વ્યકિતઓ ધ્વારા ભયજનક મકાન કે તેનો જર્જરીત ભાગ ઉતારવા કોઈ કાર્યવાહી કરેલ નથી /કરાવતા નથી. જે સંબંધિત હિત ધરાવનાર તમામ કબ્જેદારોને અપાયેલી નોટીસ અન્વયેની કાર્યવાહી તાત્કાલીક ધોરણે કરવા સદર નોટીસથી તાકીદ કરવામાં આવે છે.

### નાના ભુલકાઓની કોઈક તો ચિંતા કરો

# દામનગરની આંગણવાડી નં.૧૦૨ ફરતે દીવાલ બનાવી બાળકોને સુરક્ષિત કરો

### જવાબદાર અધિકારી યોગ્ય કરે તેવી માંગ

દામનગર,તા. ૨૮

સંકલિત બાળ વિકાસ યોજનાના ( ICDS ) અધિકારી ધ્યાન આપો. બાળકો અને આંગણવાડી કેન્દ્રની સલામતી માટે ફરતી દીવાલ બનાવો. દેશનું ભવિષ્ય જયા પાયાનું શિક્ષણ મેળવે છે અને પુરેપરી સંભાળ અને દેખરેખ રાખવામાં આવે છે એવા આંગણવાડી કેન્દ્રો કેટલા સુરક્ષિત છે..!!? સરકાર દરેક યોજનાઓ માટે કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવતી હોય છે. પણ જયારે દેશનું ભવિષ્ય સુરક્ષિત ન હોય તો, કેટલાય સવાલો ઉઠે છે..!! અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના દામનગર શહેરમાં રાભડા– ધામેલ રોડ ચોકડી પાસે નગરપાલિકાની ગંભીર બેદરકારીને કારણે રેઢું પડ એવી વેન્ડર માર્કેટ ( શાકભાજીના થડા ) નજીક આવેલ આંગણવાડી કોડ નંબર. ૧૦૨ ફરતે સુરક્ષા દીવાલ ન હોવાના કારણે



બાળકો અને આંગણવાડી કેન્દ્રની કોઈ સલામતી નથી..!! આ બાબતે કરેલ રજુઆત પ્રત્યે ધ્યાન આપી ફરતે દીવાલ બનાવવામાં આવે તે માટે સબંધિત તંત્ર યોગ્ય તાકીદે કાર્યવાહી કરે તે ખાસ જરૂરી છે.

### રેલ્વેમંત્રી સમક્ષ વ્યાજબી માંગ કરી

# સોમનાથ-ચિત્તલ-હરિદ્વાર સુધી ટ્રેન સેવા શરૂ કરવા સાંસદની રજુઆત

## લાખોની સંખ્યામાં શ્રધ્ધાળુઓને થશે ફાયદો



અમરેલી તા. ૨૮

અમરેલી લોકોને ધાર્મિક સ્થળ એવા હરીદ્વાર સુધી સુપરફાસ્ટ ટ્રેનનો ડાયરેકટ લાભ મળી રહે તે માટે સાંસદ નારણભાઈ કાછડીયાએ કેન્દ્રીય રેલ્વે મંત્રી અશ્વિનની વૈષ્ણવ અને કેન્દ્રીય રાજય રેલ મંત્રી શ્રીમતી દર્શનાબેન જરદોશને રૂબરૂ મળી લેખીત રજુઆત કરેલ છે.

સાંસદે કરેલ રજુઆત મુજબ, વર્તમાન સોમનાથથી હરીદ્વાર સુધી ડાયરેકટ એકપણ ટ્રેનની સુવિદ્યા ન હોવાને લીધે અમરેલી જિલ્લાનાં લોકોને હરિદ્વાર જેવા પવિત્ર તીર્થધામ ખાતે દર્શન માટે જવામાં ખુબ જ મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહયો છે. સોમનાથથી હરીદ્વાર સુધી ટ્રેન ચાલુ થતા ફકત અમરેલી જ નહી પરંતુ જુનાગઢ અને ભાવનગર સહિતનાં જિલ્લાઓના શ્રધ્ધાળુઓને પણ ખુબ જ ફાયદો થશે. તેથી આ ટ્રેન સોમનાથ (વેરાવળ) થી ઉપાડી વાયા-જુનાગઢ, જેતલસર, વડીયા,ઢસા, અમદાવાદ થઈ હરીદ્વાર પહોંચે તે રીતે સુપરફાસ્ટ ટ્રેન ચાલુ કરવાની ખુબ જ આવશ્યકતા છે.

વધુમાં જણાવેલ હતું કે, અમરેલી સંસદીય ક્ષેત્રમાંથી હરીદ્વાર આવન-જાવન કરતા શ્રધ્ધાળુઓની સંખ્યા ખુબ જ વધુ છે. પરંતુ સીધી ટ્રેનની સુવિદ્યાનો અભાવ હોવાના કારણે યાત્રીઓને ફરી-ફરીને લાંબી યાત્રા કરવી પડી રહી છે.જેના લીધે તેઓનાં સમયનો ખુબ જ વ્યય થાય છે. સાથે સાથે તેઓને યાત્રા કરવામાં ખુબ જ મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહયો છે. તેથી જો સોમનાથ-હરીદ્વાર સુપરફાસ્ટ ટ્રેન ચાલુ કરવામાં આવે તો આ ટ્રેન ઘણા ધાર્મિક સ્થળોને જોડતી એક મહત્વપુર્ણ ટ્રેન સિધ્ધ થશે.

આપણા દેશનાં ૧૨ જયોતિલીંગમાંથી એક જયોતિલીંગ સોમનાથ છે. તેથી જો સોમનાથથી હરીદ્વાર સુધી ડાયરેકટ ટ્રેન ચાલશે તો જુનાગઢ, અમરેલી અને ભાવનગર જિલ્લાનાં ક્રમશ : ૨૮ લાખ, ૧૬ લાખ અને ૩૦ લાખથી પણ વધુ લોકોને આ સુવિદ્યાનો લાભ મળશે. તેથી અમરેલી જિલ્લાનાં લોકોની સવલત માટે સોમનાથથી હરીદ્વાર સુધીની ડાયરેકટ સુપરફાસ્ટ ટ્રેન સત્વરે ચાલુ થાય તે માટે સાંસદ લેખીત રજુઆત કરેલ હોવાનું સાંસદ કાર્યાલયની અખબારી યાદીમાં જણાવેલ છે.

### ટાટા AIG કંપનીનાં કર્મચારીની બેદરકારી

# સાવરકુંડલાનાં અનુ.જાતિ પરિવારને ખાનગી કંપનીએ વીમાની રકમ દેવા હાથ અધ્ધર કર્યા

## બેન્ક મેનેજરની મદદથી વીમાની રકમ મળી



સાવરકુંડલા, તા. ૨૮

સાવરકુંડલાના હાથસણી રોડ ઉપર રહેતાં ડાહીબેન નાનજીભાઈ દેંગડા ઉ.વ.૫૮ પોતાનાં પતિ તો ૧૭ વરસ પહેલાં મૃત્યુ પામેલા. ત્યારબાદ પોતાનાં દીકરા સુરેશ સાથે રહેતા હતા. ડાહીબેનને ઘણાં સમયથી કીડનીની બીમારી હતી. રાજકોટ ખાનગી હોસ્પિટલમાં સારવાર લેતાં હતાં. ડાહીબેન સારવાર દરમ્યાન અમુક સમયે નિયમિત ડાયાલિસિસ સમયે સમયે કરાવવું પડતુ હતું અને તેમની પાસે ટાટા એઆઈજી કંપનીની મેડિકલેમ પોલીસી હતી અટલે બિલનોખર્ચ તમામ વખત ટાટા એઆઈજી દ્વારા ચૂકવાઈ જતો. ત્યારબાદ ડાહીબેનનું મૃત્યુ થયું પછી તેમના પુત્ર સુરેશ દ્વારા વીમા કંપનીમાં કલેઈમ માટે દાવો દાખલ કર્યો તો ટાટા એઆઈજી એ વિવિધ કારણોસર દાવો સ્વીકાર્યો નહિ.આથી સુરેશે એકસિસ બેન્ક મેનેજર સાવરકુંડલાના નીલકંઠ શાસ્ત્રીને સઘળી હકીકત જણાવતા તેમણે આ કામ પોતાનુ હોય તેમ વિમા કંપની સામે લડત ચલાવી અને સતત ચાર મહિના સુધી ફોલોઅપ લીધા પછી અંતે વીમા કંપનીની હાર થઈને સુરેશની જીત થઈ. પરંતુ સાચા પ્રસંશાપાત્ર કોઈ વ્યકિત હોય તો તે છે એકિસસ બેન્ક મેનેજર નિલકંઠ શાસ્ત્રી જેમની અથાક મહેનત વગર આ શકય બની જ ના શકત. જયારે સુરેશના હાથમાં વિમાની પુરી રકમ રૂપિયા બે લાખ આવ્યાં ત્યારે બેન્ક મેનેજરનાં પગમાં પડી ગયો અને ખૂબ ખૂબ આભાર પ્રગટ કર્યો.

### તમામ સરકારી વિભાગો પોતાની ફરજ નિયમિત બનાવે તો જનતાને ફાયદો

# ભૈ વાહ : અમરેલી શહેરમાં એઆરટીઓ દ્વારા રોડ સેફટી અંતર્ગત સ્કૂલવાનનું ચેકિંગ હાથ ધરાયું

## એકાદ દિવસ ''ફોટો સેશન'' બાદ નિયમિત તપાસ થાય તે પણ જરૂરી



અમરેલી તા. ૨૮

અમરેલી જિલ્લાની જનતા લોહી-પાણી એક કરીને સરકારની તીજોરી છલોછલ કરે બદલામાં જનતા તેમની સુવિધા અને સેવાની અપેક્ષા રાખે તે પણ વ્યાજબી બાબત છે. પરંતુ, લાખો, કરોડો રૂપિયાનાં ખર્ચે ચાલતા સરકારી વિભાગો જનતાનાં હિતમાં દિવસ-રાત કાર્ય કરતાં ન હોવાથી જનતાની પરેશાની વધે છે. અને કયારેક સરકારી વિભાગ યોગ્ય ફરજ બજાવે છે. પરંતુ, તે માત્ર ફોટોસેશન રહેવાને બદલે કાયમી કામગીરી થાય તો જનતાને ફાયદો થાય.

દરમિયાનમાં એ.આર.ટી.ઓ. દ્વારા રોડ સેફટી અંતર્ગત અમરેલીમાં સ્કૂલ વાનનું સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. રોડ સેફટી અંતર્ગત ઝુંબેશને લઈને વિવિધ શાળાઓના વાહનનું સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આર.ટી.ઓ ઈન્સપેકટર નિર્મલ રાઠોડે જણાવ્યુ કે, શાળાઓના વાહન ચાલકોને રોડ સેફટીના નિયમોથી માહિતગાર કરવામાં આવશે. તેમને રોડ સેફટીના નિયમોનું પાલન કરવાનું અને માર્ગ સલામતી માટે જાગૃત્ત રહેવા માર્ગદર્શન આપવામાં આવશે. શાળાએ જતાં બાળકો એ ભારતનું ભવિષ્ય છે. માર્ગ પર તેમની સલામતી રહે તે માટે માર્ગદર્શન આપી તેમને જાગૃત્ત કરવા રોડ સેફટી અંતર્ગત વધુમાં વધુ માહિતગાર કરવા જરૂરી છે. અમરેલીમાં સઘન ચેકીંગ અંતર્ગત આર.ટી.ઓ. અમરેલીની ટીમ દ્વારા સ્કૂલ પરમીટ ન ધરાવતા ૯ જેટલા વાહન ડિટેઈન કરવામાં આવ્યા છે. વાહન ડિટેઈન કરવાની સાથે સ્કૂલ વાહનની પરમીટ લેવા માટેની પ્રક્રિયા વિશે પણ તેમને માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યાં હતા. સઘન ચેકિંગ કામગીરીની ઝુંબેશ સમયે વાહન ડિટેઈન કરવામાં આવ્યા ત્યારે આ પરિસ્થિતિમાં કેટલાક વાહન ચાલકો દ્વારા વિદ્યાર્થીઓને સ્કૂલથી દૂર ઉતારી દેવામાં આવ્યાં હતાં અને વાહન ચાલક વાહન અને બાળકોને છોડી જતા રહ્યા હતા. આવા સમયમાં આર.ટી.ઓ.ની ટીમ દ્વારા વિદ્યાર્થીઓને સ્કૂલ સુધી મૂકવા જવાની વ્યવસ્થા આર.ટી.ઓ. કચેરી દ્વારા કરવામાં આવી હતી. સરકારી વાહનમાં લઈ જઈ વિદ્યાર્થીઓને તેમની સ્કૂલ સુધી પહોંચાડવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. આર.ટી.ઓ. અમરેલી દ્વારા માર્ગ સલામતી માટે કામગીરી હાથ ધરવામાં આવી હતી. સઘન વાહન ચેકિંગ ઝુંબેશમાં આર.ટી.ઓ. કચેરીના ઈન્સ્પેકટર પી. આર. પઢીયાર, નિર્મલ રાઠોડ, જય પટેલ, મનોજ ઠુંમર, બાંભણીયા, મીત શાહ, રાઠોડ, મકવાણા, ખીમસૂરિયા સહિત જોડાયા હતા.

# ખડસલી ગામે આંગણવાડી કાર્યકરનો વિદાય સમારોહ યોજાયો



સાવરકુંડલા. તા. ૨૮

સાવરકુંડલા તાલુકાના ખડસલી ગામની આંગણવાડીના કાર્યકર મકવાણા સુનિતાબેન ભુદરભાઈ જેવો છેલ્લા ૩૩ વર્ષથી એક જ કેન્દ્ર પર નિષ્ઠાપૂર્વક કામગીરી કરેલ છે તેઓ તારીખ ૩૧/૭/૨૦૨૩ના રોજ વયે નિવૃત થતા હોય તે અનુસંધાને તેમનો વિદાય સમારોહ ગોઠવવામાં આવેલ જેમાં વીજપડી ગ્રુપ બે ના સુપરવાઈઝર ગીતાબેન પટેલ તેમજ નવ ગામના ૧૮ કાર્યકર બહેનો ઉપસ્થિત રહ્યા હતા જેઓને શાલ ઓઢાડી સન્માન પત્ર અર્પણ કરવામાં આવ્યું હતું તેમજ આંગણવાડી કાર્યકર બહેનો દ્વારા શુભેચ્છારૂપે છબી અર્પણ કરી સેવાની કામગીરી બિરદાવી હતી વિદાય સમારોહ કાર્યક્રમ પૂર્ણ થયા બાદ તમામ બહેનો સાથે ભોજન સમારંભ કાર્યક્રમ પણ રાખવામાં આવેલ હતો એમ અનિરૂધ્ધ ત્રિવેદીની એક અખબારી યાદીમાં જણાવાયું હતું.

### એન્જોય ગ્રૃપ દ્વારા ગીત સંગીતના કાર્યક્રમનું આયોજન

# બાબરામાં આગામી ૩૧મી જુલાઈનાં રોજ મહમદ રફીને સ્વરાંજલિ અર્પણ કરાશે

## ધારાસભ્ય સહિતનાં અગ્રણીઓ ઉપસ્થિત રહશે



બાબરા, તા.૨૮

બાબરામાં આગામી ૩૧મી જુલાઈના રોજ સ્વર સમ્રાટ મુહમમદ રફીને સ્વરાંજલી અર્પણ કરવા ભવ્ય સંગીતનો કાર્યક્રમ શહેરના નામી સંસ્થા એન્જોય ગ્રુપ દ્વારા ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

તા ૩૧મી જુલાઈ અને સોમવારના રોજ રાત્રી ના ૮/૩૦ કલાકે મકવાણા પરિવાર દરજી સમાજની વાડી ખાતે રાખવામાં આવેલ છે.

સંગીતના કાર્યક્રમનું ઉધ્ઘાટન લાઠી બાબરાના ધારાસભ્ય તેમજ મુખ્ય મહેમાન ગોપાલભાઈવસ્તરપરા,અખિલ ભારતીય ઓ.બી.સી.મહાસભાના પ્રદેશ કાર્યકારી પ્રમુખ પ્રભાતભાઈ કોઠીવાળ, નગરપાલિકા પ્રમુખ લલિતભાઈ આંબલિયા, રમજાનભાઈ જીવાણી, ડો.રમેશ કછટીયા, ડો.સાકીર વ્હોરા,તાલુકા પંચાયત પ્રમુખ ભરતભાઈ બુટાણી, સતારભાઈ સૈયદ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહેશે.

મુહમદ રફી તું બહુત યાદ આયે ના ભવ્ય ગીત સંગીત ના કાર્યક્રમ માં પરેશભાઈ દરજી,પી એલ મારૂ,સરલાબેન મારૂ,જમાલભાઈ પરમાર, શિવાભાઈ રાઠોડ,પુષ્પાબેન ધાધલ, અને પરેશભાઈ પરમાર સહિતના કલાકારો રફી સાહેબના ગીતો ગુનગુનાવ છે.

સમગ્ર કાર્યક્રમનું એંકરીગ પી.એલ.મારૂ દ્વારા કરવામાં આવશે, બાબરાના ગીત સંગીતના પ્રેમીઓને આ ભવ્ય સંગીતના કાર્યક્રમ નો લાભ લેવા એન્જોય ગ્રુપ દ્વારા જાહેર અનુરોધ કરેલ છે.





ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

■ કાર ■ બાઈક ■ ટ્રેકટર ■ ટ્રક ■ બસ
ટાયર-ટ્યુબ, ઓઈલ-ગ્રીસ, વ્હીલ-પ્લેટ-ધરા, જેક-ફીલ્ટર, ટુલ્સના હોલસેલ તેમજ રીટેઈલ
સંજય ટાયર્સ બસ સ્ટેશન રોડ, અમરેલી.
સંજય ટ્રેડ લીંક ટોયોટા શો-રૂમ પાસે, લાઠી બાયપાસ રોડ, અમરેલી.

પવિત્ર પુરૂષોત્તમ માસ નિમિતે
શીંગપાક
ટોપરાપાક
ગુલાબજાંબુ
સ્પે. માવાના પેંડા
ડ્રાયફ્રુટ ફરાળી ચેવડો
બટેટા વેફર્સ
કેળા વેફર્સ
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ । મો. ૯૯૦૯૧ ૭૭૯૫૫










# વાર્તા–વૈભવ

## એને પરણવું હતું

– અનિલભાઇ શ્રીધરાણી



અનિલભાઇ શ્રીધરાણી

**પરિચય :**

**વ્યવસાએ વકીલ હતા. વકીલાત કરતા સાહિત્યમાં વિશેષ રૂચિ હતી. એમનો જન્મ ૨૩ માર્ચ–૧૯૩૧ થયેલ. રેડક્રોસ, શિશુ વિહાર, કલા, સંસ્કૃત સંસ્થાઓમાં સેવા આપતા. એલ.એલ.બી. કરેલ. સેવાભાવી, દાતા પણ હતા.**

**''એને પરણવું હતું''**

સવારનાં પહોરમાં હું છાપું વાંચી રહ્યો હતો. ચાના પ્યાલામાંથી મીઠી સોડમ આવી રહી હતી. મારી પત્નીએ આવીને મારા હાથમાંથી છાપું ખેંચી લઈ કહ્યું, ' ચા ઠરીને ઠીકરું થઈ જશે, હવે તો પી લ્યો, છાપામાં તે એવું શું લખ્યું છે તે ભૂખ્યા ડાંસની જેમ તૂટી પડયા છો !' હંમેશના ક્રમ મુજબ હું છાપું નીચે ન મૂકી શકયો, તેમ તેના શબ્દો પણ હું સાંભળી શકયો નહીં. ચોથે પાને એક નાની કોલમમાં સર્વને માટે તદ્દન બિનમહત્વનાં એવા એક સમાચારે હું અસ્વસ્થ બની ગયો.

વધુ પ્રસ્તાવના કરવા કરતાં એ સમાચાર જ મૂકી દઉં, ' ..... ના અમારા ખબરપત્રી જણાવે છે કે ઠેઠ કલકત્તાથી ક્ષયની બીમારીમાં સપડાયેલા નામે લક્ષ્મણ ગોવિંદ ટ્રેનમાંથી ઉતરતાં જ લોહીનો બળખો કાઢીને અવસાન પામ્યો. મરનાર પાછળ કોઈ હતું નહીં. લાશ આઠ કલાક સુધી સડતી પડી રહી. પોલીસ મોડેથી આવીને પંચનામું કરી ગઈ છે...'

આ બીના કંઈ અસાધારણ નહોતી. આવા તો રોજ એકાદ બે કિસ્સા છાપામાં મળી આવવાના જ. પરંતુ આ માણસને હું ઓળખું છું. અને એટલે જ મારું મન ઉદાસ બન્યું હતું. જેની સાથેનો મારો સંબંધ વરસોથી લગભગ તૂટી ગયેલો જ હતો– સિવાય કે એક–બે વખત કલકત્તામાં મળ્યો હતો. જયારે તે જીવતો હતો ત્યારે તેની હાજરીની સવિશેષતા કોઈ દિ' મને લાગી નહોતી.

તેની યાદ મારા ચિત્તમાંથી તદ્દન લુપ્ત થઈ ગઈ હતી, પરંતુ સાથે એ મરી ગયો છે, ને ત્યારે તેની સ્મૃતિ મને તેના એકાંતિક જીવનની કરુણતા તરફ ખેંચી જાય છે. એની હાજરીની મેં કદી અપેક્ષા કરી નહોતી છતાં તેની ગેરહાજરી મને સાલે છે. જાણે મારા ઘરનું એ માણસ ચાલી ગયું હોય તેમ હું વ્યથા અનુભવું છું.

ચાના પ્યાલામાંથી નીકળતાં ધુમાડામાંથી એક આકૃતિ રચાતી હતી. એ આકૃતિ જીવતાં લક્ષ્મણ ગોવિંદ સુથારની હતી. એ હસતો હતો પણ હાસ્ય કંઈ જીવતા માણસનું જ લાગ્યું નહીં.

તેમ મૃત્યુ પામેલાં માણસ જો હસી શકતો હોય તોપણ લાગ્યું નહીં. જાણે મને એ ડર હતો. 'શીદને ચાની મીઠી સોડમમાં મને પામરને યાદ કરો છો ?' જેનું ગઈ કાલે મૃત્યુ થયું હતું. એ આજે મારી સામે હસતો હતો. જેની પાછળ ઝૂરવાળું કોઈ નથી જેની લાશ આઠ કલાક સડતી પડી રહી એ માણસ મારી સામું હસીને મને ડાટતો હતો !

બીજા વિશ્વયુદ્ધમાં જયારે બંને મોરચે જપાનીઓએ ખેલ્યું ત્યારે બર્મા અને કલકત્તામાંથી હજારો નોકરિયાતો, ધનિકો વગેરે સૌ જીવ બચાવતાં ભાગી આવેલા, વિશ્વયુદ્ધ બંધ પડયું અને ધનિકો પોતાની મૂડીની સલામતી માટે, ને નોકરિયાતો પોતાની રોજી માટે પાછા દોડી ગયા.

તો આ લક્ષ્મણ ગોવિંદ એમાંનો જ એક હતો. એ ભાગી આવ્યો ન'તો. એ ચાર વરસનો હતો ત્યારે તેનો બાપ ચાલતો થયો. તેનાં બાપને કંઈ રોગ થયેલો. દમનો. એકંદિ બહુ શ્વાસ ચડયો ને પછી હેઠો ઉતર્યો જ નહીં. પણ એનો બાપ મરી ગયો તેમાં લક્ષ્મણને જુલ્મ થયા જેવું લાગ્યું. તેનો બાપ મરી ગયો તે દિ'ની તો તેને સ્મૃતિ પણ નહોતી. પરંતુ દસ વરસ પછી જયારે તેની માએ ત્રીજી અંગ્રેજીમાંથી ઉઠાડી લીધો ત્યારે તેને થયું કે બાપા વે'લા મરી ગયા ! એને ખૂબ ખૂબ ભણવાની ઉમેદ હતી. '૪૨ની સાલમાં મે સ્વાતંત્ર્ય જંગમાં ઝંપલાવ્યું ત્યારે તેણે મને કહ્યું હતું.

'સુરેશભાઈ, તમારે તો ભણવાનો સમય છે. ત્યારે શીદને મૂકી દ્યો છો ?' વતનમાં જ નોકરી–રોજીનો જોગ ન ખાધો ત્યારે એની માને ચિંતા થઈ. જોકે એની માની ઉંમર કંઈ બહુ મોટી નહોતી થઈ ગઈ. હશે લગભગ પિસ્તાળીશની. પણ શરીરમાં હાડકાં ને ચામડી એકમેકનાં આધારે વળગી રહેલાં હોય એવું લાગતું. આખાયે શરીરમાં જો કોઈ જગ્યાએ ચેતન ભાસતું હોય તો તે ઉડી ગયેલી આંખોના ચકળવકળ થતાં ડોળામાં. એ કમાઈ લાવવાને તદ્દન અશકત બની ગઈ હતી. જયારે કોઈપણ જગ્યાએ લક્ષ્મણનો પગ ઠર્યો નહીં. એટલે પરદેમાં જવાનો એક જ માર્ગ બાકી રહ્યો.

યુદ્ધ બાદ બધાં પૂર્વના માર્ગે બર્મા અને કલકત્તા તરફ પ્રયાણ કરતાં હતાં. જયારે લક્ષ્મણ પણ ભાંગી ગયો. માથી છૂટા પડતાં એનું દિલ માનતું નહોતું પણ હૃદયનાં ઉંડે ખૂણે એક વિચાર રમતો હતો. 'પરદેશથી બધા જ ફાંટ ભરીને રૂપિયા ઢસડી લાવે છે ને !'

ચાર મહિના બાદ લક્ષ્મણનું પરબીડિયું આવ્યું. સાથે રૂપિયા દસનું મનીઓર્ડર આવ્યું.

લક્ષ્મણની મા કાગળ મારા આગળ વંચાવવા આવી હતી. તેના છોડિયા જેવા ગાલમાં રહ્યું સહ્યું રકત દોડી આવ્યું. તેની ચકળવકળ આંખો કંઈક સ્થિર બની. તેમાં સદા દેખાતી કરુણાની જગ્યાએ હાસ્યને એક ઝલક પ્રકાશી ઉઠી. તેનાં દીકરાએ રૂપિયા દસનું મનીઓર્ડર મોકલ્યુ હતું ને પત્ર પણ લખ્યો હતા.

પત્રઆ પ્રમાણે હતો :

'પરમ પૂજય માડીની સેવામાં, કલકત્તાથી લખિતંગ છોરું લક્ષ્મણનાં પાયલાગણ વાંચશો જી. ચાર મહિના થયાં છતાં હું કાગળ ન લખી શકયો તેથી તને ચિંતા થઈ હશે. પણ માડી, કેમ લખું. અહીં આવ્યો તો બધુંય જાણે નવું નવું. મોટી મોટી મો'લાતું, ઘડી ઘડીએ આવતી ટ્રામ ને મોટરો, અને મિલોનાં ઉંચા ઉંચા ભૂંગળાંમાં હું તો મૂંઝાઈ જ ગયો. આપણા ગામ જેવું નો અહીં કંઈ નહીં. કઈની હારે વાતું નો'કરાય.

તેમની બોલી જ નો' સમજાયને પહેલાં તો નોકરી મળી છે. મહિને પંદર રૂપિયા આપશે. કે'છે કે થોડા મહિના પછી એક રૂપિયા વધારી આપશે. ખાવાનું તો શેઠનાં વંડામાં જ હોય છે.

પણ, માડી મને અહીં ગોઠતું નથી. સાંજ પડે કોઈ ખબર પૂછવાવાળુંય નહીં. કોઈની હારે હસીને વાત કરવા જેવું માણસેય નહીં. પણ મા, તું ચિંતા નો' કરતી. એ તો બધું નવું નવું છે તે લાગે. સુરેશભાઈને મારા પ્રણામ કહેશો. દસ રૂપિયાનું મનીઓર્ડર કર્યું છે તે મળેથી લખજે.

એ જ લિ. તારો છોરું
લક્ષ્મણના પ્રણામ

લક્ષ્મણની માએ મારી પાસે જવાબ લખાવ્યો.

'ચિ. લક્ષ્મણ,

રાજપરથી લિ. તારી માના આશીર્વાદ વાંચજે. ને બેટા સો વરસુંનો થજે. તારા દસ રૂપિયા મળ્યા છે. તને ગોઠતું નથી એ જાણ્યું. પણ એ તો રે'તા રે'તા ફાવી જશે. મારી ચિંતા નો' કરતો. સુરેશભાઈ છે ને તે કંઈ વાંધો નથી. પણ તું હેમખેમ રે'જે બહારનું કાંઈ ખાતો નહીં. કે'છે કે ત્યાં તો હિંદુ ય માછલી ખાય છે. પણ દીકરા, તું કોઈ દિ' ખાતો નહીં. બહુ ઉજાગરા ના કરતો. તાવ આવે તો હારે બંધાવી છે તે મીંઠિયાવળની કાફી લઈ લેજે.

દીકરા, પૈસા બહુ ઉડાડતો નહીં. બને એટલા ઝાઝા ભેગા કરજે. બે વરસ પછી તારાં લગન લેવા છે ને આપણી નાતમાં પૈસા બહુ માંગે એટલે ભેગા કરતો રહેશે. પંદર દિવસે ચિટ્ટી લખતો રે'જે. એટલે મારે હૈયે ધરાપત છે. તારી માના આશિષ.

મહિના પછી લક્ષ્મણનો કાગળ આવ્યો. **(ક્રમશઃ)**

**વાર્તાકાર મિત્રોને પોતાની ટૂંકી વાર્તા, ટૂંકો પરિચય તથા પાસપોર્ટ ફોટા સંપાદકને મોકલી આપે તેવી વિનંતી – સંપાદક : રવજીભાઇ કાચા.**

# બાલ એક્સપ્રેસ

▪ ઉખાણા ▪ બાળવાર્તા ▪ જોડકણા ▪ બાલગીત ▪ જોકસ

સંપાદક : રવજીભાઈ કાચા-અમરેલી

# અમરેલીમાં સાહિત્ય પરિષદનું ૧૪મું જ્ઞાનસત્ર

**(ગયા અંકનું ચાલુ)**

સુરેશ જોષીએ ઉહાપોહ કર્યો. શુદ્ધ નવલની વિભાવના સ્પષ્ટ કરી આપી. તેને કલામય રીતે પણ ખીલવી શકાય તે તેમણે પ્રથમવાર બતાવ્યું. સર્જનનો વિરોધ સર્જન દ્વારા– 'છિન્નપત્ર' અને ' મરણોત્તર' દ્વારા તેમણે કર્યો.

તેમનાં સિદ્ધાંતો કૃતિમાં કેટલે અંશે સફળ થયાં તે તપાસનો વિષય હોવા છતાં રૂપવિકાસને નવી દિશા મળી. 'અસ્તિ'માં ઘટના નહીં પણ ચિત્રો મળે છે. કલ્પનશ્રેણીઓ મળે છે. બક્ષી ઘટનાઓને સહારે પણ 'આકાર' અને 'પેરેલિસિસ' માં સારું પરિણામ લાવી શકયા છે. ચહેરાં(મધુરાય) અસંગતિનું વિશ્વ સર્જી જાય છે.

રઘુવીરની સર્જકતા સ્પર્શી જાય છે. 'ચરુધર', ' મહાભિનિષ્ક્રમણ', 'ફેરો', ' નાઈટમેર', 'સ્વપ્નતિર્થ', ' નિશાચક્ર', 'અચલા', 'ધુમ્મસ', ' અનાગત', 'આપણો ઘડિક સંગ', ' આંધળી ગલી', 'દિશાંતર', ' અનુરવ', 'ઉર્દ્વમૂલ' વગેરે પ્રયોગશીલ નવલોમાં આધુનિક માનવીનાં સંવેદનોને, સમસ્યાઓને, સમસ્યાને કળા રૂપે અવતારવાની પ્રક્રિયા અને ટેકનિક પરત્વેની સજાગતા જોવા મળે છે. આ નવો



જ્ઞાનસત્રનું દીપ પ્રગટાવી ઉદ્‌ઘાટન કરી રહેલા આર. કે. ત્રિવેદી

સંચાર પણ કોષ્ટક ઉભું કરતો જણાય છે. આજનો પ્રશ્ન અનુભવતા ઉડાણમાં છે. હમણાં તો ગુજરાતની નવલકથા નવા રૂપવિકાસ માટે કોઈ સન્નદ્ધ સર્જકની પ્રતિક્ષા કરતી ઉભી છે.

**જયંત ગાડીત**

બનતું જાય છે. ઉદા.તરીકે ''ચહેરા, ચિહ્‌ન', 'શ્રાવણરિત,' વાંસનો અંકુર,' 'અશ્રુઘર' 'ફેરો' વગેરે.

ઘટનાનો આધાર લઈ નવલકથા લખવાનું વલણ આજે પણ પ્રબળ છે. જયારે ઘટનાલોકનાં

## ભાતીગળ સૌરાષ્ટ્ર

જયંત ગાડીતે આધુનિક નવલકથામાં આકાર પરત્વે આવેલા બે – ત્રણ પરિવર્તનોની વાત કરી હતી. તેમણે નોંધ્યું હતું કે આધુનિક નવલે કવિતાની નજીક જવાનું પસંદ કર્યુ છે. આ કદાચ લોકરંજક નવલનાં પ્રત્યાઘાત રૂપે પણ હોય.

ઘટનાનો હાસ એન પાત્ર સંવેદનને પ્રગટ કરવા તરફ વિશેષ લક્ષ્ય અપાયું છે અને આ વલણ વ્યાપક અંતિમે 'છિન્નપત્ર' 'મરણોત્તર' 'અસ્તિ' વગેરે નવલો છે. ઘટના અને એમાંથી જન્મતી પરિસ્થિતિ નવલકથાનાં વાસ્તવને નકકર રૂપ આપે છે. છિન્નપત્ર', 'મરણોત્તર', 'અસ્તિ'માં સંવેદન છે. પરંતુ ઘટના કે પરિસ્થિતિ નથી અથવા અતિ પાંખા છે. અહીં નવલકથા બનતી નથી. પણ નિબંધ કે સંવેદન નોંધની કોટિએ રહી જાય છે. **(ક્રમશઃ)**


# હંસીનું નસીબ ચમકયું

**– પ્રકાશ ડી. કુબાવત**

ચંપકવન નામનું એક જંગલ હતું. આ જંગલમાં હંસી હરણી રહેતી હતી. એ ખુબ મહેનતું હતી. પણ તેનું નસીબ તેને સાથ આપી રહયું ન હતું. ગમે તેટલી મહેનત કરવા છતાં તે બે પાંદડે થતી ન હતી. ગરીબી તો તેનો પીછો છોડતી ન હતી.હંસી હરણીને એ બહેનપણી હતી. સમજુ સાબર. એક દિવસ તેને સાબરે વાતવાતમાં કહયું કે, 'મને તારા પર ખુબ દયા આવે છે. ચંપકવનમાં તને તારૂં ભાગ્ય સાથ આપી રહયું નથી. તુ બીજા વનમાં જઈને નસીબ અજમાવ. તને ત્યાં ચોકકસ સફળતા મળશે જ !''હંસીને પણ સાબરની વાત ગળે ઉતીર ગઈ. નસીબ અજમાવવા તે ચંપકવન છોડીને ચાલી નીકળી.ચાલતા – ચાલતા સૌપ્રથમ કાનનવન આવ્યું. તે કાનનવનનું નિરીક્ષણ કરવા લાગી. તે એક બે દિવસ અહીં રોકાઈ. તેણે જોયું તો કાનનવનમાં બે જ તળાવ હતા. ઉનાળાનાં દિવસો હતા. છતાં બંને તળાવમાં થોડુક જ પાણી હતું. વરસાદ ખેંચાવે તો ખુબ મુશ્કેલી ઉભી થાય તેમ હતી. વૃક્ષો પણ સાવ ઓછા હતા. રાજા એશોઆરામમાં જ મગ્ન હતો. તેને પ્રજાની કશી પડી ન હતી. પ્રજાની વાસ્તવિક સ્થિતિથી તે તદ્દન અજાણ હતો. તળાવમાં કાપ બહુ હતો. પાણી થોડુક જ હતું છતાં પણ તળાવને ઉંડુ ઉતરાવવાનો વિચાર શુદ્ધા રાજાને આવતો નહતો.

આવી પરિસ્થિતિમાં અહીં રહેવું યોગ્ય નથી. દૂધનો દાઝયો છાશ પણ ટુંકી ફુંકીને પીએ તેમ તેને ધંધા માટે આ સ્થળ ઉત્તમ નથી તેમ માની તે આગળ ચાલતી થઈ. બે–ત્રણ દિવસ ચાલ્યા પછી તે અરણ્યવનમાં પહોંચી. અહીં પણ બે–ત્રણ દિવસ રોકાઈને બધો તાગ મેળવી લેવાનું નકકી કર્યુ.

તેણે જોયુ તો અહીં કાનનવન કરતા સ્થિતિ થોડી સારી હતી. જુની સમૃદ્ધિથી ગાડુ ચાલતું હતું. અગાઉ જાહોજલાલી હતી તે હવે નામશેષ થવાનાં આરે હતી. વારસામાં મળેલ તળાવમાં સારૂ એવું પાણી હતું. વૃક્ષો ઘટતા જતા હતા. છતાં પણ સારી એવી સંખ્યામાં હતા. અત્યારનાં લોકો અંદરોઅંદર ઝઘડતા હતા. સંકુચિતવૃતિનાં થઈ ગયા હતા. રોજિંદો કજિયો હવે સામાન્ય વાત થઈ ગઈ હતી. રાજાનો પ્રભાવ દિવસેને દિવસે ઓસરતો જતો હતો. પ્રજાનાં કજિયાને તે કાબુમાં લેવામાં નિષ્ફળ હતો. જો કોઈ પગલાં લે તો તેને વોટબેન્કનો ભય લાગતો. વિકાસ સાવ અટકી ગયો હતો. આથી હંસીને અહીં પણ ધંધા માટે રહેવું યોગ્ય લાગ્યું નહી. તે આગળ ચાલી નીકળી. ચાલતા–ચાલતા તે નિરાશ થઈ ગઈ.



એકાદ ક્ષણ તો તેને પાછી વળવાનું મન થયું. તે પોતાનાં નસીબને કોસતી રહી. પોતે કયાંય ધંધો કરી શકશે નહી તેવું લાગ્યું.


તેણે મનને મનાવ્યું કે, ''હું એકાદ પ્રયત્ન કરી જોઉ હવે એક નવા વનમાં જઈશ. જો તે ધંધા માટે અનુકુળ નહીં લાગગે તો પાછી વળી જઈશ. ચંપકવનમાં લુખો–સૂકો રોટલો ખાઈ લઈશ.'' તે સતત ચાલતી જ રહી. પાંચમાં દિવસે તેને એક સરસ મજાની જગ્યા દેખાય. રસ્તામાં તેને હંસરાજ હાથી મળ્યો. હંસીને હંસરાજને કહયું કે, 'આ કયું વન છે ? દેખાવમાં તો સારૂ લાગે છે. હંસરાજે હસીને જવાબ આપ્યો કે, 'આ નંદનવન છે અને નંદનવનમાં તમારૂં સ્વાગત છે.''

હંસીનાં ચહેરા પર સ્મિત આવી ગયું. હવે હંસીએ અહીં બે–ત્રણ દીૌવસ રોકાવાનું નકકી કર્યુ. બીજા દિવસથી તે નંદનવનમાં ફરવા લાગી. લોકો તેને હસીને આવકાર આપતા હતા. ફરતા–ફરતા તેને પાંચેક સુંદર મજાનાં તળાવ જોયા. તળાવ ખુબ જ સ્વચ્છ હતા. તળાવ કિનારે કચરાનું તો નામોનિશાન ન હતું. વૃક્ષોની તો વાત જ પુછોમાં ! નયનમનોરમ્ય વૃક્ષો જોઈને તે તો આભી જ બની ગઈ !

એક મેદાનમાં ઘણા બધા લોકો એકબીજાને કલર ઉડાડતા હતા. ખુબ મોટી સંખ્યામાં પ્રાણીઓ હતા. હંસરાજ હરણીને જોઈ ગયો. તે ખેંચીને હરણીને મેદાન વચ્ચે લાગ્યો. બધાએ તેને કલરથી ભરી મુકી. હંસરાજે કહયું કે, ''આજે ધુળેટી છે. તેની ઉજવણી કરી રહયા છીએ. હમણાં જ નાતાલ પણ અમે બધાએ સાથે જ ઉજવી હતી. અમારા રાજા શેરસિંહ પણ દરેક ઉત્સવમાં સામેલ થાય જ છે.''

હંસરાજની વાતની હરણી ઉપર ઉંડી અસર થઈ. તેને ધંધા માટે જેવા સ્થળની જરૂર હતી. તે સ્થળ તેને અહીં દેખાયું. રાજા પણ પ્રજાપ્રેમી હતો. નંદનવનનો વિકાસ ખુબ ઝડપથી થઈ રહયો હતો. પોતે અહીં સફળ થશે જ એવું લાગ્યું. તે નંદનવનમાં રોકાઈ ગઈ. અહીં હંસીને તેના નસીબે પણ સાથ આપ્યો. તેનું નસીબ ચમકી ઉઠયું.

**બાલમિત્રો,**



સત્ય, અહિંસા, ચોરી ન કરવી, પણ જોતું નવ સંઘરવું, યાદ આવ્યું આ ગીત ? ગાંધીજીનાં આ અગિયાર મહાવ્રતોનું ગીત છે. તમે જાણતાં હશો. ગાંધીજીએ પોતાનાં જીવનમાં આ અગિયાર વ્રતોનું ચુષ્તપણે પાલન કર્યુ હતું. ને અનેક અુયાયીઓને પળાવ્યા પણ હતો. આ વ્રતો પાળવા કઠીન છે. પણ અઘરા નથી. કોઈપણ વ્રત કરવામાં, પાળવામાં ઘણી મુશ્કેલીઓ આવે. અડચણો ઉભી થાય પણ ગાંધીજી જેમ અડગ રહીએ તો સરળ થઈ જાય.

આજે આવી વાતો તમને અઘરી લાગે, ન સમજાય પણ એક નાનકડુ વ્રત જીવનમાં ખુબ કામ લાગતું હોય છે.જીવન સુધરી જાય.

વ્રત રાખવું એટલે મકકમ નિર્ણય કરવો, નિધાર કરવો. ગાંધીજીએ સત્ય– અહિંસાનાં શખ્સો મારફતે જ આઝાદી લેવાનાં વ્રત લીધેલા એમને ઘણું ઘણું સહન કરવું પડયું. પણ એને શસ્ત્રો દ્વારા આઝાદી પણ એટલે તો ગીત છે ને... દેદી હમે આઝાદી ખડગ, બિના ઢાલ...

''ધ્રુવે વ્રત, નિયમ લીધુ કે ભગવાનને પળ્યા વિના પણ નહિ આવું'' ને ધ્રુવ સફળ રહયો. પ્રહલાદ પણ એમાંનો એક અંત સુધી ભગવાનનું નામ ન છોડયું બાળમિત્રો, નાનો એવો તણખો મોટી આગ લગાડે છે એમ નાનકડુ એવું વ્રત, નિયમ આખી જિંદગી સુધારી દે છે.

# બંગભંગ અને રાષ્ટ્રીય જાગૃતિ

## સ્વરાજય મારો જન્મસિદ્ધ અધિકાર છે



– બાલગંગાધર તિલક

**સ્વરાજય મારો જન્મસિદ્ધ અધિકાર છે :**

સુરત કાંડ પછી તિલકને પળવારની યે ફુરસદ નહોતી. શિવાજી ઉત્સવ પ્રસંગે તેમણે કહયું હતું, 'જો બે શતાબ્દી પહેલા શિવાજી સ્વરાજય સ્થાપી શકયા હતા તો આપણે પણ એક દિવસ સ્વરાજય લઈને જ જંપીશું.''

હવે તિલક જયાં જયાં બોલતા હતા, ત્યા એ જ કહેતા હતા, 'સ્વરાજય મારો જન્મસિદ્ધ અધિકાર છે. હું એને લઈને જ રહીશ.''

**નશાબંધી આંદોલન :**

શાંતા હોવા છતાં સરકારની અવગણનાં કરવાનું આંદોલન જોર પકડી રહયું હતું. એનુ એક સ્વરૂપ નશાબંધી આંદોલન હતું. આ આંદોલનમાં તિલકે સરકારની આબકારી નીતિનો વિરોધ કર્યો.

તેઓ જાણતા હતા કે સરકાર શરાબબંધીનો આદેશ કયારેય જારી નહિ કરે. પોતાનાં જુના વલણ અનુસાર, સરકાર દમન કરવા તૈયાર થઈ ગઈ.



પૂણે નજીક લોણાવલામાં જિલ્લાધીશે કલમ ૧૪૪ લગાડી અને આદેશ જારી કર્યો કે દેશી શરાબની દુકાન પાસે લોકોની ભીડ જમાના થાય અને તેઓ કોઈને ય શરાબની દુકાનમાં આવતા ના રોકે.

કાનૂની કડકાઈ છતાં શરાબની દુકાનો પર સ્વયંસેવકોનાં ધરણા ચાલુ રહયા. ૪૦ અને ૫૦ ના' જુથમાં લોકો દુકાનો સામે જમા થઈ ગયા અને શરાબ વિરોધી સુત્રોચ્ચાર કરવા લાગ્યા. એમનાં ભાષણોની સરકાર એન જનતા પર ઘેરી અસર થઈ.

એક દિવસ પોલીસ અશસ્ત્ર સ્વયંસેવકો પર તુટી પડી. આ ધરપકડની જનતા પર અસર પડે તે સ્વાભાવિક હતું. ચારે બાજુ ઉત્તેજના ફેલાઈ ગઈ. સરકારની અવગણનાનું આ આંદોલન દેશ પર જબરો પ્રભાવ પાડી રહયું હતું. પહેલી વાર નરમ અને ગરમ દળ, સુધારક અને સનાતની એક સામાજિક રાજકીય મુદા પર એક મંચ પર એકઠા થયા.

આ સભાનાં અધ્યક્ષ ડો.ભાંડારકર હતા. ૨૩ એપ્રિલ–૧૯૦૮ના રોજ તિલક, ભાંડારકર વગેરેનું શિષ્ટ મંડળ, વાતાવરણમાં સુધારા લાવવા માટે, આ

# તમાકુથી ધાર્મિક નુકસાન

તમાકુ ફકત શરીરને જ નુકસાન પહોંચાડતી નથી પણ તેથી વધારે તો એ મહા ઉત્તમ મનુય જન્મને બરબાદ કરી નાખે છે. કોઈપણ સંત, મહાપુરૂષ અથવા ધાર્મિક પુસ્તક બીડી પીવાની રજા આપતાં નથી. ગુરૂ નાનક સાહેબે કહ્યું છે કે, ''તમાકુ એટલી બધી અપવિત્ર વસ્તુ છે કે માણસને સ્વછંદી બનાવી દે છે. તમાકુનાં ખેતરમાં ગાય તો શું, ગધેડું પણ જતું નથી.''

ગુરૂ ગોવિંદસિંહે કહ્યું છે કે, ''માણસ પચ્ચીસ શ્વાસોશ્વાસમાં જેટલા 'ઓમ'નો જપ કરે છે તેનાથી મળતું બધું ફળ એક બીડી પીએ તો નષ્ટ થઈ જાય છે. તમાકુ એટલી અપવિત્ર વસ્તુ છે. બીજાં પ્રાણીઓ તો શું, ગધેડુંય તમાકુ ખાતું નથી.''

જો એક બીડી પીવાથી પ્રભુભકિતનું આટલું બધું ફળ નષ્ટ થઈ જાય તો રોજની દસ–વીસ બીડી–સિગારેટ પીનાર માણસની પરલોકમાં કેવી દશા થશે ! તે પુરૂષ જો આખો દિવસ ભકિત કરે તો પણ તેને ભકિતનું કશું ફળ મળવાનું નથી.

તમાકુ એક નુગરો નશો છે. 'કુરાને શરીફ'માં અલ્લાહ પાક ત્રિકોલ રોશલનાં સિપારામાં લખ્યું છે કે ''શેતાનનો ભડકાવેલો ઈન્સાન આવી નશાયુકત ચીજોનો ઉપયોગ કરે છે. આવી ચીજોનો ઉપયોગ કરનાર





ઈન્સાનથી અલ્લાહ દૂર રહે છે. પરંતુ શેતાન એ ઈન્સાનથી ખુશ રહે છે. કેમકે આ કામ શેતાનનું છે અને શેતાન તે આદમીને જહન્નમમાં જ લઈ જાય છે.'' ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે આવા તમોગુણી આહારને વજર્ય ગણ્યો છે. એટલા માટે જે સત્વગુણી પુરુષ છે અને કલ્યાણનાં માર્ગે ચાલવાની ઈચ્છા રાખે છે એવા પુરૂષને તમાકુથી દૂર રહેવાની ખૂબ જ જરૂર છે. ખોરાકની શુદ્ધિ પર વિવેક–બુદ્ધિનો આધાર છે. 'આહાર તેવો ઓડકાર.' વિવેકથી જ સાચા અને ખોટાની, ફાયદા અને નુકસાનની ખબર પડે છે. પરમાત્માની ચેતન સૃષ્ટિમાં સૌથી ઉત્તમ પ્રાણી મનુષ્ય છે. કેમ કે, મનુષ્યને વિવેક છે. વિવેક–બુદ્ધિને શુદ્ધ અને પવિત્ર રાખવા માટે તમોગુણી વસ્તુથી દૂર રહેવું ઘણું જ જરૂરી છે. નહિ તો મનુષ્ય અવળા માર્ગે જઈ પોતાના અમૂલ્ય મનુષ્ય જન્મને નિષ્ફળ કરીને વેડફે છે.

હે સજજનો ! આ પવિત્ર મુખ ફકત પ્રભુનાં જાપ જપવા માટે જ છે. પવિત્ર મુખને તમાકુની દુર્ગંધથી અપવિત્ર ન કરો. યાદ રાખો કે એક દિવસ મરણ પછી તમારે તમારાં કર્મોનો હિસાબ જરૂર આપવો પડશે. એ વખતે શો જવાબ આપશો ? તો પછી શા માટે આવી આત્મઘાતક, અશુદ્ધ, અને આધ્યાત્મિક પતન કરનારી ચીજોનો ત્યાગ ન કરવો ? તન, મન અને ધનને નુકસાન કરે તે વસ્તુઓને અડકતાં પણ અભડાવું જોઈએ. ઓ ભગવાનનાં બાળકો ! જરા વિચારો. આ મોંઘો અમૂલ્ય મનુષ્ય જન્મ વારંવાર પ્રાપ્ત થતો નથી. એને મેળવવો સહેલો નથી. અત્યારે મળ્યો છે તો તેને ક્ષણિક મોહ માટે કેમ અભડાવો છો ? શા માટે આત્માનું અધઃપતન કરાવો છો ? બીડી(તમાકુ) તજવી તે કોઈ અઘરું નથી. તમાકુ તમારા જીવનને બરબાદ કરનાર ચીજ છે. તેના વિના જરા પણ નુકસાન થવાનું નથી. **(ક્રમશઃ)**

# વિચાર શક્તિ
(THOUGHT POWER)

લેખક : બ્રહ્મલીન શ્રી સ્વામી શિવાનંદ સરસ્વતી

## વિવિધ પ્રકારનાં વિચારો ને તેમના પર વિજય

તેઓ તમારા પર ઝનૂની હુમલો કરશે. જયારે તમે ધ્યાનમાં બેસશો ત્યારે એકાએક અનેક દુષ્ટ વિચારો ફૂટી નીકળશે. જેવા તમે તેને દાબી દેવાનો પ્રયાસ કરશો તેવા તે તમારા પર બમણાં જોરને વેગથી હલ્લો કરશે. પણ અંતે તો આપણાં શુદ્ધ વિચારોનો જ વિજય થવાનો.

જેવી રીતે પ્રકાશ આગળ અંધકાર ટકી શકતો નથી, જેમ ચિત્તો સિંહ સામે થઈ શકતો નથી, તેવી જ રીતે મનમાં ઘૂસી ગયેલા આ બધા નિષેધાત્મક મલિન વિચારો ભવ્ય દિવ્ય વિચારો સામે ટકી શકે નહિ. તેઓ જરૂર નાશ પામવાના જ.

**૩. ગંદા હઠીલા વિચારોને હાંકી કાઢો**

તમારા મનમાંથી બધા બિનજરૂરી, નકામાં ગંદા વિચારોને હાંકી કાઢો. નકામા વિચારો તમારા આધ્યાત્મિક વિકાસને રૂંધશે. ગંદા વિચારો આત્માને માર્ગે, પ્રગતિ કરવામાં અવરોધરૂપ બને છે.

જયારે મનમાં નકામા વિચારોને સ્થાન આપો છો, ત્યારે તેટલે અંશે પરમાત્માત્માથી દૂર છો. તેને બદલે ઈશ્વરનું ચિંતન કરો. જેટલા વિચારો સારા ને મદદગાર થાય તેવા હોય તેટલાનું જ સેવન કરો. ઉમદા વિચારો, આત્માના વિકાસને આધ્યાત્મિક પ્રગતિ માટે ખાસ ઉપયોગી છે.

મનને પોતાને જૂને રસ્તે જૂના ચીલમાં ચાલવા દો નહિ. કેમ કે તેથી તે પોતાની જૂની ટેવો ને રીતભાત છોડશે નહિ. માટે જ બારીક નિરીક્ષણ રાખો.

જો જોડામાં કાંકરી ઘૂસી ગઈ હોય તો તે આપણને પીડા કરે છે. આપણે તરત જ જોડો લઈ કાંકરી કાઢી નાંખીએ છીએ. આમ, આપણે બરાબર સમજી લઈએ તો મનમાં ઘૂસી ગયેલા ગંદા વિચારોને પણ સહેલાઈથી કાઢી શકીએ. આ સંબંધી જરા પણ શંકા ન હોવી જોઈએ. આ વાત તદ્દન જાણીતી, સ્પષ્ટ ને સત્ય છે.

જેમ જોડામાંથી કાંકરી કાઢી નાખવી એ સહેલું છે તેવી જ રીતે મનને પજવતા હઠીલા વિચારને સહેલાઈથી દૂર કરવાની આપણામાં શકિત હોવી જોઈએ જયાં સુધી માણસ એ ન કરી શકે ત્યાં સુધી પોતાની પ્રગતિને કુદરત ઉપર વિજયની બડાઈ મારવી નકામી છે. ત્યાં સુધી તે માત્ર ગુલામ છે. અને પોતાના મગજરૂપી અંધકારમય કોટડીમાં તે ચામાચીડીયાની જેમ ફફડાટ મચાવી મૂકતા પ્રેત જેવા વિચારોને આધીન છે.

**૪. દુન્યવી વિચારો પર વિજય મેળવો**

વિચાર પર સંયમ રાખી તેને કેળવવાનો પ્રયાસ કરતાં શરૂઆતમાં દુન્યવી વિચારો તેમને ખૂબ પજવશે. ધ્યાન કરતાં કે આધ્યાત્મિક માર્ગે ચાલતા પણ તેઓ નડે છે. પણ જો તમે દિવ્ય વિચારો કેળવવાના તમારા અભ્યાસમાં નિયમિત રહેશો તો આ દુનિયાદારીના વિચારો ધીમે ધીમે પલાયન કરી જશે.


આ વિચારોને બાળી નાખવા માટે ધ્યાન એ અગ્નિરૂપ છે. બધા સાંસારિક વિચારોને હાંકી કાઢવાનો યત્ન કરો નહિ. તમારા ચિંતનનાં વિષય સંબંધી પ્રથમ તો ઉદાત્ત સુંદર વિચારો કરો, તેમાં ભવ્યતા લાવો.

હંમેશા તમારા મન પર કડક પહેરો બેસાડો અને તેની અંદરનાં વિચારોનું નિરીક્ષણ કરો. ઈર્ષા, ક્રોધ, તિરસ્કાર, કામ, ચંચળતા વગેરેની ઉર્મિઓ મનમાં ઉઠવા દો નહિ. આ અંધકારમય વાદળા ને દુનિયાદારી ઈચ્છાઓ ધ્યાન, શાંતિને જ્ઞાનનાં દુશ્મનો છે.

ભવ્ય દિવ્ય વિચારો દ્વારા તેમને હાંકી જ કાઢો. મનમાં ઉત્પન્ન થતાં આવા સામાન્યને હલકા વિચારોને સારા વિચારો દ્વારા, મંત્ર કે ઈશ્વરનાં નામના જપ દ્વારા, ઈશ્વરનાં કોઈપણ સ્વરૂપનાં ચિંતન દ્વારા, પ્રાણાયામથી, ઈશ્વરનાં નામના ગાનથી, સત્કાર્યોથી અને સંસારનાં દુઃખોનું મનન કરીને હાંકી કાઢો. જયારે તમારું મન શુદ્ધ થશે, ત્યારે તમારા મનમાં દુનિયાનો કોઈ વિચાર ઉઠશે જ નહિ. જેવી રીતે દુશ્મનને દરવાજા આગળ સામે થઈ અટકાવવો સહેલો થઈ પડે છે તેવી

(ક્રમશઃ)

## પૂ. ડોંગરેજ મહારાજની અમૃતવાણી



**શ્રીમદ્ ભાગવત મહાત્મ્ય**

૮૧. બીજાને સુખે સુખી થવું એ પ્રેમનું લક્ષણ છે.

૮૨. ભગવાનનો આશ્રય લે તે નિષ્કામ બને છે.

૮૩. ભકિત વિના વૈરાગ્ય અને જ્ઞાન ન મળે.

૮૪. મત્સર એ મોટામાં મોટો શત્રું છે.

૮૫. કથા સાંભળો અને કથાનાં સિદ્ધાંતો જીવનમાં પણ ઉતારો.

૮૬. મનુષ્ય નિર્મત્સર ન બને ત્યાં સુધી તેનો ઉદ્ધાર થતો નથી.

૮૭. ઘરનાં કાર્યો કર્યો પછી માળા જપ કરીશ એમ નહી, પરંતુ પ્રભુનાં નામનો જપ કર્યા પછી બધાં કાર્યો કરો.

૮૮. પરમાત્માનાં દર્શનની આતુરતા વિના સંત મળતા નથી.

૮૯. પરમાત્માની કથા વારંવાર સાંભળશો ત્યારે પ્રભુ પ્રત્યે પ્રેમભાવ જાગશે.

## જ્ઞાનમંજરી

**શબ્દ દેહ બક્ષતા શિલ્પીઓ**

૧. ગુજરાતી ભાષાનાં આદિકવિ તરીકે કયાં કવિ ઓળખાય છે ? – નરસિંહ મહેતા

૨. ''જ્ઞાનનો વડલો'' એવું ઉપનામ કયાં કવિનું છે ? – અખો

૩. ગુજરાતી સાહિત્યમાં આખ્યાનકાર તરીકે કોણ જાણીતું છે ? – પ્રેમાનંદ

૪. ગુજરાતી સાહિત્યનાં પ્રથમ વાર્તાકાર કોણ છે ? – શામળ

૫. ગુજરાતી ભાષામાં શ્રેષ્ઠ ગરબી આપનાર કોણ છે ? – દયારામ

૬. ગુજરાતી અર્વાચીન યુગનાં આદ્યપ્રણેતા કયા સર્જક છે ? – નર્મદ

૭. પંડિતયુગનાં યુગધર કોણ છે ? – ગોવર્ધનરામ ત્રિપાઠી

૮. ગોવદ્ધનરામ ત્રિપાઠીનું સર્વશ્રેષ્ઠ સર્જન કયું છે ? – સરસ્વતીચંદ્ર

૯. સુરસિંહજી તખ્તસિંહજી ગોહીલનું ઉપનામ શુ છે ? – કલાપી.

૧૦. કલાપી કયાંના વતની હતાં. – લાઠીનાં


## ઝળહળ ઝાકળ

લેખક : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા

### જિહવાદેવીને નમસ્કાર

માણસનાં ભારેખમ દેહમાં જીભનું વજન કદાચ ૧૫ – ૨૦ ગ્રામ હશેને ? તેના પર સ્વાદકેન્દ્રો આવેલા છે, તેમ તેનાં વડે ઉચ્ચારાતી વાણીનાં પણ સ્વાદ હોય છે. કેટલાકની વાણી મધુર તો કોઈની કડવી, કોઈની અષ્ટમ્ પષ્ટમ્ તુરી તો કોઈની વાણી ખાટી, કોઈની તીખી તો કોઈની ખારી–ખોરી.. કોઈની વાણીમાં મીઠાશ અનાયાસ હોય તો કોઈ કિંગ કોબ્રા પેઠે ફુંઠાડા જ મારે. જીભ યશનાં પુષ્પો અપાવે, અપમાનના જોડા પણ અપાવે ! પ્રિય અને સત્ય બોલનારી જીભ સિવાયની તમામ જીભોનું ઓપરેશન કરી નાખવામાં આવે તો સંવાદિતાનું સ્વર્ગ પૃથ્વી પર પલકમાત્રમાં આવી જાય !

## આપેલ ચિત્રો પરથી વાર્તા લખી મોકલજો, તમારા નામથી છાપશું



## રાણી લક્ષ્મીબાઈ



– શશિ શર્મા

**ભાગ– ૨૯**


રાણીએ રાતે જ કાલપી પહોંચી ગયા. નાના સાહેબનાં નાના ભાઈ રાવ સાહેબે અને તાત્યા ટોપેએ ત્યાં રાણીનું સ્વાગત કર્યું. રાણીએ આવીને કાલપીની સ્થિતિ ચકાસી. રાવ સાહેબ અને એમની સેનાની હાલત બરાબર નહોતી. એ લોકો રંગરાગમાં ખોવાયેલા હતા અને આવનારી મુસીબતથી બિલકુલ અજાણ હતા. રાણીએ સેનાની વ્યવસ્થા સંભાળી. નવી યોજનાઓ બનાવી. સેનામાંથી કેટલાક પસંદ કરેલા સિપાઈઓની એક ટુકડી બનાવી. આ સિપાઈઓનો પોશાક લાલ હતો. આથી તેઓ 'લાલ કુર્તી'ની ટુકડી કહેવાવા લાગ્યા. રાણીએ ખાસ રીતે આ ટુકડીને સંગઠીત કરી.

બીજી તરફ, રાણી ઝાંસી છોડી ગયાં તેનાથી હ્યુરોજ દુઃખી હતો. એ ગમે તે રીતે રાણીને કેદ કરવા માગતો હતો. રાણીની પાછળ પાછળ એ કાલપી આવી ગયો. કાલપીમાં હ્યુરોજની ફોજ અને રાણીની 'લાલ કુર્તી' ફોજ વચ્ચે ઘમસાણ યુદ્ધ થયું. 'લાલ કુર્તી' સેના ઘણી વીરતાથી લડી. પરંતુ ગોરાઓની સેના મોટી અને વધુ વ્યવસ્થિત હતી. આથી અંગ્રેજો જીતી ગયા. 'લાલ કુર્તી' નાં સિપાઈ ઓએ ઘણી જગ્યાએ અંગ્રેજોને પાછા ધકેલ્યા હતા. રાણીએ આ વખતે પણ હાર નહોતી માની. એ ખૂબ કુશળતાથી રાવ સાહેબ બાંદાનાં નવાબ, તાત્યા ટોપે અને અન્ય સરદારોને અંગ્રેજોથી બચાવીને લઈ ગયાં. પાછળ ગોરી ફોજે કાલપીમાં ખૂબ લૂંટફાટ ચલાવી.

રાવ સાહેબ સહિત રાણીનું દળ તડકા અને લૂમાં આગળ વધતું ગયું અને વિચારતું રહ્યું કે હવે આગળ શું કરવાનું છે. કેટલાક લોકોમાં નિરાશાનો ભાવ જાગ્યો, પણ રાણીનાં જોશે એમનામાં નવા ઉત્સાહનો સંચાર કર્યો. બધાં લોકોએ સાથે મળીને બેઠક કરી અને નિર્ણય કર્યો કે આ રીતે તેઓ અંગ્રેજોનો મુકાબલો નહિ કરી શકે. એમણે ગમે તે ભોગે કોઈ કિલ્લો હાંસલ કરવો પડશે. ઘણો વિચાર કર્યા પછી તેઓએ ગ્વાલિયર તરફ આગળ વધવાનો નિર્ણય કર્યો. ગ્વાલિયરનો રાજા સગીર હતો અને એનો દીવાન અંગ્રેજોનો સમર્થક હતો. રાણીએ વિચાર્યુ કે કોશિશ કરીને રાજયની જનતા અને સિપાઈઓને પોતાની તરફેણમાં કરી શકાય. તાત્યા ટોપે ત્યાંની પૂરેપૂરી પરિસ્થિતિ જાણતા હતા. એટલે એમને સૌપ્રથમ આ કામ માટે ગ્વાલિયર રવાના કરી દેવાયા. ગ્વાલિયર જઈને તાત્યાએ જોયું કે, અંગ્રેજો સામે ફોજમાં ખૂબ ગુસ્સો છે. એમણે આ વાતનો ફાયદો ઉઠાવ્યો. અને એ લોકોને પોતાની તરફેણમાં કરી લીા.

પાછા ફરીને જયારે એમણે રાણીને આ વાત જણાવી ત્યારે તે ખૂબ ખુશ થયાં અને રાવ સાહેબ તથા અન્ય લોકો સાથે ગ્વાલિયર હાંસલ કરવામાં વધારે પરિશ્રમ ઉઠાવવો ના પડયો. ગ્વાલિયર પર પેશ્વાનો અધિકાર થઈ ગયો. સગીર રાજા અને એનો દીવાન આગરા અંગ્રેજો પાસે જતાં હતાં.

## વાહ ભૈ વાહ !



પરીક્ષાની ભારે તૈયારી ?
હા, ગણિત–વિજ્ઞાન તો ભૈ બહુ ભારી !
પેપર આવ્યું – હૈયે ભાર
પાના ચાર – પ્રશ્નો બાર !
ધડકન ઝડપી, બેઠી જોવા
મારી બોલપેન, બેઠી રોવા !
રાત દિવસ બસ, ગણિત ગણ્યું
ને પરીક્ષાનું પેપર અંગ્રેજી ભણ્યું !

(જયંતી ધોકાઈ)

## વર્ષા રાણી



આવી આવી વર્ષારાણી,
સોના સરખાં વરસે પાણી !
આવી આવી વર્ષા રાણી,
માટી કેરી સુગંધ આણી !
આવી આવી વર્ષારાણી,
દેડકાભાઈ તો બન્યા પુરાણી,
આવી આવી વર્ષારાણી,
કાગળ હોડી લૈ ગઈ તાણી !
આવી આવી વર્ષારાણી,
અંકલજીની છત્રી કાણી !
આવી આવી વર્ષારાણી,
રજા પડી ને થઈ ઉજાણી !

(રમેશ ત્રિવેદી)


## હસવાની મનાઇ છે : જોક્સ





## આપેલ ચિત્રમાં મનગમતાં રંગો પૂરો




## આ મારું ચિત્ર છે




મકવાણા હેમાદ્રી
(ધો.૩–અ)



માંડલિયા ઈશા કલ્પેશભાઈ
(ધો.૬–અ, રૂપાયતન પ્રા.શાળા, અમરેલી)



પરમાર જાહલ ધીરૂભાઈ
(ધો.૪–બ, રૂપાયતન પ્રા.શાળા, અમરેલી)




હુદડ ભાર્ગવી વનરાજભાઈ
(ધો.૮, પાણિયા પ્રા.શાળા, તા.જિ. અમરેલી)

### ''અંખિયા મિલાકે રોગ''નાં કારણે


# અમરેલીનાં શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં શિક્ષણ સજજતા તાલીમ બંધ કરાઈ

## વિદ્યાર્થીઓને પાંચ દિવસની રજા અપાઈ

અમરેલી, તા. ૨૮

અમરેલીનાં શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં શિક્ષકોને શાળાનાં શિક્ષણ અને વર્ગ વ્યવસ્થાપન વિશે તાલીમબધ્ધ કરાયા.

અમરેલી જિલ્લા શિક્ષણ અને નિવાસ ક્ષેત્રે સદા અગ્રેસર શ્રીજી વિદ્યાર્થી ભુવન સંચાલિત શ્રી સરસ્વતિ વિદ્યાલયમાં ૨૫૦ જેટલા વિશાળ સંખ્યાના વિદ્યાર્થીઓ શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં નિવાસ કરી પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ મેળવે છે. તાજેતરમાં અખીયા મિલાકે નામનો આંખનો રોગ ચેપથી ફેલાતો હોય વિદ્યાર્થીઓને તેમના વાલીઓ વતનમાં લઈ જતાં પાંચ દિવસની રજા રાખવામાં આવેલ. તેમાં સેવા આપતા તમામ શિક્ષકો પ્રાથમિક અને માધ્યમિકનાં વર્ગ વ્યવસ્થાપન અને શિક્ષણત્તર પ્રવૃત્તિમાં તજજ્ઞો દ્વારા તાલીમ બંધ કરવાનુંઆયોજન કરવામાં આવેલ. જેમાં તજજ્ઞ તરીકે નિવૃત કેળવણી નિરિક્ષક મહેન્દ્રભાઈ જોશી તેમજ ગુણવંતભાઈ જોશીએ સેવા આપી



વિદ્યાર્થીનાં શિક્ષણ તેમજ શિક્ષણત્તર પ્રવૃતિઓ વિશે અને વર્ગખંડનું આયોજન શિસ્ત અને વિદ્યાર્થીઓને સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત થાય તેવા ઉંડા હેતુસર સંચાલક દંપતિ દિપકભાઈ વઘાસીયા અને વિલાસબેન વઘાસિયાનાં સંપૂર્ણ માર્ગદર્શનથી આયોજન કરવામાં આવ્યું અને તમામ શિક્ષકોને તાલીમબધ્ધ કરવામાં આવ્યાં. પ્રતિભાવમાં તમામ શિક્ષકો સાચા અર્થમાં તાલીમ લીધાનું ગૌરવ અનુભવ્યું. કાર્યક્રમને સફળ બનાવવા પ્રિન્સીપાલ ગોંડલીયા અને સમગ્ર સ્ટાફે જહેમત ઉઠાવી.

### રાષ્ટ્રીય સાહિત્ય અકાદમી દ્વારા

# કુંકાવાવ : અમરાપુર કોલેજમાં ગ્રામલોક કાર્યક્રમનું આયોજન થયું

## સૌરાષ્ટ્ર યુનિર્વસિટીના કુલપતિ ડો. ભીમાણી ઉપસ્થિત રહ્યાં

અમરેલી, તા. ૨૮

સાહિત્ય અકાદમી તથા માતૃશ્રી દુધીબેન ડાયાભાઈ ભીમાણી અને કાશીબેન નારણભાઈ ગેવરીયા કોલેજ, અમરાપુરનાં સંયુકત ઉપક્રમે તા. ૨૬/૭/૨૦૨૩ બુધવારનાં રોજ 'ગ્રામાલોક' શીર્ષકથી એક વીશીષ્ટ પ્રકારનાં સાહિત્યિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનાં પ્રારંભે કોલેજની વિદ્યાર્થીનીઓ દ્વારા પ્રાર્થના રજુ કરવામાં આવી ત્યારબાદ આ કાર્યક્રમનાં મુખ્ય અતિથી અને સૌરાષ્ટ્ર યુનિવર્સીટી રાજકોટનાં કુલપતિ ડો.ગિરીશભાઈ ભીમાણી તથા ગુજરાતી પરામર્શ મંડળ, સાહિત્ય અકાદમીનાં સભ્ય ડો. જે.એમ. ચન્દ્રવાડિયાએ દીપ પ્રાગટય કર્યુ હતું. કાર્યક્રમમાં મહેમાનોનું શાબ્દિક સ્વાગત પ્રો.મયુર ભટ્ટ દ્વારા કરવામાં આવેલ હતું. 'ગ્રામલોક'ની ભૂમિકા અને સાહિત્ય અકાદમીની કાર્યપધ્ધતીનો સુપેરે પરિચય ડો. જે.એમ. ચન્દ્રવાડિયાએ કરાવ્યો મુખ્ય અતિથી ડો. ગિરીશભાઈ ભીમાણી તેમનાં પ્રવચનમાં ભારતીય જીવનમૂલ્યોનો મહિમા સમજાવીને ગ્રામ્ય સંસ્કૃતિની મહત્વપુર્ણ ભૂમિકા પ્રસ્તુત કરીને સૌને ભાવવિભોર કરી દીધા ત્યારબાદ ડો. કેતન કાનપરિયાએ



તસ્વીર : રાજુ યાદવ–કુંકાવાવ

તથા કવિ સ્નેહી પરમારે કાવ્યપાઠ દ્વારા ઉપસ્થિત સૌને રસતરબોળ કરી દીધા સૌરાષ્ટ્રના પન્નાલાલ પટેલ તરીકે ઓળખાતા ગ્રામ્ય સંસ્કૃતિ તથા ગ્રામ્ય સંવેદનાની પોતાની વાર્તાઓ નવલકથાઓમાં રજુઆત કરનારા સર્જક ગોરધનભાઈ ભેસાણીયાએ પોતાની સર્જન કેફિયતની રજુ કરી. આ કાર્યક્રમમાં સાહિત્ય રસિકો ઉદયભાઈ દેસાઈ, વાસુદેવભાઈ સોઢા, દિવ્યાબેન સોજીત્રા કોલેજ સ્ટાફ પરિવાર તથા આમંત્રિત મહેમાન જયદીપભાઈ પટેલ, ઢોલરીયા, સાધુ, વિસાવડીયા, રમેશભાઈ ભીમાણી, પાલભાઈ, મનુભાઈ સાવલિયા, તથા અમરાપુર સ્કુલ અને હાઈસ્કુલનો સમગ્ર સ્ટાફ અને વિશાળ સંખ્યામાં કોલેજના વિદ્યાર્થીઓ ખાસ ઉપસ્થિત રહયા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ડો.કેતનભાઈ કાનપરિયાએ કરેલ હતું અને આભારવિધિ કોલેજનાં પ્રો. મિહિર ગઢિયા દ્વારા કરવામાં આવેલ હતી.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

### પાના ૮ ઉપરનું ચાલું રાજુલામાં જુગાર રમતાં

ખેતાગાળા વિસ્તારમાંથી લાઈટના અંજવાળે જાહેરમાં પૈસાની હારજીતનો જુગાર રમતા અકબરશા અલારખાશા કનોજીયા રહે. રાજુલાવાળા સહિત પાંચ ઈસમોને રોકડા રૂા. ૧૦,૭૫૦ ના મુદામાલ સાથે પકડી પાડી તેઓના વિરૂધ્ધમાં રાજુલા પોલીસ સ્ટેશનમાં જુગારધારાની કલમ હેઠળ ગુન્હો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી કરેલ છે.

### પાના ૧ ઉપરનું ચાલું જાફરાબાદમાં અનેક વિસ્તારમાં

ઠાગાઠૈયા રહી છે. ઘણા ખરા વિસ્તારોમાં પાણી વાપરવાનું તો ઠીક છે. પરંતુ પીવાનું પાણી પણ અમુક વિસ્તારોમાં ફાંફાથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠયા છે. અધિકારીને ફોન કરવાથી પણ પાણી વિતરણ કરવામાં ન આવેતો આનો મતલબ એ થયો કે જવાબદાર અધિકારીઓ આ બાબતે કંઈજ નથી કરી શકતા ફોન કરવા છતાં નળનું પાણી ન મળે તો મીડિયામાં અહેવાલ રજૂ થાય પછી કામગીરી કરવામાં આવે તેવી બાધા લીધી હોય તેવું લાગી રહ્યું છે. જનતા જનાર્દન ટેકસ ભરવા છતાં પણ સુવિધા નામે મીંડુ પાણી બાબતે લોકોમાંથી માંગ ઉઠી છે. કે સમયસર પાલિકા પાણી વિતરણ કરે.

### પાના ૧ ઉપરનું ચાલું બાબરાનાં દરેડ ગામે લૂંટ ચલાવનાર

ખીમો બચુ વાઘેલા (ઉ.વ. ૨૨), ફલજી જીલુ સાંઢમીયા (ઉ.વ. ૪૦), વિશુ ઉર્ફે નનુ ચંદુ જિલિયા, ઉજીબેન ઉર્ફે બાવલી ચંદુ જિલિયા તેમજ સોના–ચાંદીના દાગીના આ લૂંટારૂ ગેંગ પાસેથી ખરીદનાર સોની વેપારી રાજ મહેન્દ્રભાઈ રાપુરા (ઉ.વ. ૨૧) અને શરદ મોહનભાઈ રાજપુરા રે. સિહોરવાળાને ઝડપી લેવામાં આવેલ હતા. જે અંગેનો કેસ અમરેલી સેશન્સ કોર્ટમાં ચાલી જતાં સત્ર ન્યાયધીશ એમ.જે. પરાશરે, સરકારી વકીલ મમતાબેન ત્રિવેદીની દલીલને માન્ય રાખી આરોપી બાવલી ગેંગના લૂંટારૂ પાંચેય આરોપીઓને આજીવન કેદ અને રૂા. ૪૦–૪૦ હજારનો દંડ તેમજ બંને સોની વેપારીને આજીવન કેદ અને રૂપિયા ૫૦–૫૦ હજારનાં દંડની સજાનો હુકમ કરેલ હતો.

### પાના ૮ ઉપરનું ચાલું રાજુલામાં બિસ્માર માર્ગની

કામગીરી કરવામાં આવી હતી.

રાજુલા શહેરના મુખ્ય માર્ગોમાં આવેલ મુખ્ય માર્ગ વાવેરા રોડ, રાણાતાની ડેરી રોડ, ભેરાઈ રોડ તેમજ રહેણાંક વિસ્તારમાં રોડ ખરાબ હાલતમાં હોય જેથી રાજુલા નગરપાલિકાના ચીફ ઓફિસર તેમજ મામલતદારની ટીમ તથા પૂર્વ સદસ્ય રણછોડભાઈ મકવાણા તેમજ નગરપાલિકાના કર્મચારી અજયભાઈ રોડ રીપેર કરવા માટે મોરમ નાખવાં કામગીરી હાથ ધરવામાં આવેલ.

તેમજ નગરપાલિકાનું ટેકટર હાલ તાજીયા હોય જેથી ટેકટર હાલ સફાઈની કામગીરી ઉપર વ્યસ્ત હોય જેથી પોતે રણછોડભાઈ મકવાણા પોતે ટેકટર લઈને આ કામગીરી કરાવેલ.

આ કામગીરી હાલ શરૂ કરવામાં આવી છે ત્યારે રાજુલા શહેરના ઘણા ખરા વિસ્તારોમાં પરિસ્થિતિ ખરાબ હોય ત્યારે તમામ વિસ્તારોમાં આ કામગીરી શરૂ કરવામાં આવે તેવી માંગણી શહેરીજનોમાંથી ઉઠવા પામી છે.

### પાના ૮ ઉપરનું ચાલું ચલાલા પાલિકાનાં વહીવટદાર દ્વારા

મનોવેદના અને તેની દૈનિક તેમજ જનતાને અસંભવ લાગતાં પ્રાણપ્રશ્નોનું નિરાકરણ કરવા ખબરપત્રી અને તંત્રીઓની લોકહીતની વાત અને જમીની હકીકતની વાસ્તવિકતાની ધારદાર પ્રસિદ્ધિથી તંત્ર અને મોટાં ચમરબંધી અધીકારીઓને તથા લોકનાયકોને લોકો ની મુશ્કેલીઓ દુર કરવાં સંવેદનશીલ બનવું પડે છે

તેનું ઉતમ ઉદાહરણ એટલે અમરેલી એકસ્પ્રેસ દૈનિક કેમ કે ચલાલા જ નહી પરંતુ સારાએ અમરેલી જીલ્લના દરેક ગામો અને છેવાડાના શોસીત પીડીત અને કચડાયેલા માનવીઓની નાના નાનાં મોટી મુસીબતો કે જીલ્લામાં આરોગ્ય શિક્ષણ સુરક્ષા બેન્કિંગ સેવાઓ કે રોડ રસ્તા પુર પ્રકોપ હોનારત કે કોઈ પણ મુસીબતો થી પીડાતા માનવીઓની સતત પડખે ઉભા રહી તંત્રીએ પોતાની કલમ ની તાકાતથી પીડીતોને આધાર અને આપબળ આપવામાં કયારેય પાછી પાની કરી અને સદાય સેવાકાર્ય હોય કે લોકહીતનાં સદકાર્યની અમરેલી એકસ્પ્રેસનાં સરાહના કરી છે અને રાષ્ટ્ર રાજય કે સમસ્ત અમરેલી જીલ્લા નાના નેસડા થી મહાનગરો સહીત કોઈ પણ અમીર ગરીબ અબાલ વૃધ્ધ કે કોઈ પણ માનવીનું અહીત કરનાર સરકારી અધિકારીઓ પદાધિકારીઓ કે કોઈ પણ ચમરબંધીઓનાં કાન આમળવામાં અમરેલી એકસ્પ્રેસે કયારેય પરોઠ નાં પગલાં ભર્યા નથી. ત્યારે આજનાં ભૌતિક આધુનિક અને ભયંકર ગળાકાપ હરીફાઈનાં યુગમાં કોઈ પણ પ્રકારનાં રાજકીય સામાજિક કે અમીર ગરીબ અબાલ વૃદ્ધ કે કોઈ પણ પ્રકારનાં ભેદભાવથી પર રહી સતત સત્યની સાથે રહી ગમે તે માનવીઓ નાં અતી જટીલ અને ગંભીર પ્રાણપ્રશ્નોની સચોટ અને સટીક માહીતી સીધા લોક સંપર્કથી મેળવી થી પ્રસિદ્ધિ કરતાં જ લોકોનાં વિકટપ્રશ્નો ઘડીના છઠ્ઠા ભાગમાં નિરાકરણ થયાં નાં અનેક ઉજળા ઉદાહરણ છે તેનાં ભાગરૂપે જ ચલાલા શહેરમાં છેલ્લાં ઘણાં સમયથી સતત વરસતાં વરસાદનાં કારણે ગંદકી ઠેર ઠેર પાણી ભરાઈ જતાં સમગ્ર શહેરમાં મચ્છર અને મચ્છરજન્ય ગંભીર રોગચાળાએ માજા મુકી હતી ત્યારે સતાધીશો ને અનેકવાર રજૂઆતો કરવા છતાં જવાબદાર મહાનુભાવો આ ગંભીર પ્રશ્નનાં નીરાકરણમાં આળસ અને ઉદાસીનતા દાખવતાં હતાં પરંતુ તેની જાણ અમરેલી એકસ્પ્રેસનાં તંત્રીને થતાં ચમરબંધીઓ ની તાનાશાહી વાસ્તવિકતા અને લોકો ની દૈનિક ધારદાર પ્રસિદ્ધિ કરતાં ચલાલાનાં ચીફ ઓફિસર તથા વહીવટદાર યુધ્ધ નાં ધોરણે શહેરમાં દવા છંટકાવ સહીત ની કાર્યવાહી કરી ત્યારે ખરેખર આજે અમરેલી એકસ્પ્રેસ એ માત્ર વર્તમાન પત્ર નહી પણ ગરીબો સોશીતો વંચીતો કચડાયેલા અને પ્રાણપ્રશ્નો થી ઘેરાયેલ મનવીઓનાં દેવદૂત સમાન છે તેવું અશોકસિંહ તલાટીયા ચલાલા જણાવે છે

### પીડિત વૃધ્ધનાં પુત્રએ તબીબી અધ્યક્ષને પત્ર પાઠવ્યો

# અમરેલીની શાંતાબા મેડિકલ કોલેજનાં અંધાપાકાંડનાં વધુ એક દર્દીએ ન્યાય માંગ્યો

## સારવાર લીધા અંગેનાં આધાર–પુરાવા રજૂ કર્યા

અમરેલી, તા. ૨૮

અમરેલીની શાંતાબા મેડિકલ કોલેજમાં ગત નવેમ્બરમાં ૧૨ દર્દીઓએ આંખનાં મોતીયાની સારવાર કરાવતાં તેમાં કોઈ ક્ષતિ રહી જતાં તમામને આર્થિક વળતર ચુકવવાનો આદેશ આરોગ્ય વિભાગે કરેલ.

દરમિયાનમાં તે દિવસોમાં અમરેલીનાં ગજેરાપરામાં રહેતા બાબુભાઈ રવજીભાઈ ધાનાણીએ પણ મોતીયાનું ઓપરેશન કરાવેલ અને તેઓને પણ સંપૂર્ણ અંધાપો આવી ગયેલ અને તેઓને રાજકોટ ખાતે રીફર કરાયા બાદ તેઓનું નામ યાદીમાં ન હોય આજે તેમના પુત્ર નરેશભાઈએ મેડિકલ કોલેજનાં તબીબી અધ્યક્ષને આધાર–પુરાવા સાથે પત્ર પાઠવીને પીડિતોની યાદીમાં નામ સામેલ કરી વળતર ચુકવવા માંગ કરેલ છે.

### ગદ્ય સાહિત્ય સભા દ્વારા કાર્યક્રમ યોજાયો

# અમરેલી ખાતે કવિ–વાર્તાકાર જગદીપ ઉપાધ્યાયને શબ્દાજંલિ અર્પણ કરાઈ

## 'એટલામાં કયાં ગઈ ભીનાશ' અંતર્ગત ભાવકો ઉપસ્થિત રહ્યાં

અમરેલી, તા. ૨૮

ગદ્ય સાહિત્ય સભા અમરેલી દ્વારા ગુજરાતી ભાષાના ઉતમ કવિ – વાર્તાકાર જગદીપ ઉપાધ્યાયના જન્મદિનની પૂર્વ સંધ્યાએ તારીખ ૨૩ જુલાઈ ૨૦૨૩ને રવિવારના રોજ જીવન તીર્થવિદ્યાલય અમરેલી ખાતે ' એટલામાં કયાં ગઈ ભીનાશ ? 'શીર્ષક તળે વાર્તા, કાવ્ય પાઠ ભાવમય વાતાવરણમાં સંપન્ન થયા હતા.

પ્રારંભે અમરેલી નગરની પ્રસિદ્ધ બાલ ગાયિકા કુ. ઝીલ જોષીના સુમધુર કંઠે પ્રાર્થના ગીતથી સ્વર શુકન કરવામાં આવ્યા. સંયોજક પરેશ મહેતાએ પૂર્વ ભૂમિકામાં દિવંગત કવિ, વાર્તાકાર જગદીપ ઉપાધ્યાય સદેહે આપણી વચ્ચે નથી પણ શબ્દ દેહે તેઓ ઝળહળ છે. એમના જન્મદિનની પૂર્વ સંધ્યાએ શબ્દાંજલિ દ્વારા અમરેલી પંથકનું સાહિત્ય જગત ભાવ સમૃદ્ધ થાય, સંવર્ધન થાય એ શુભ હેતુથી આ ઉપક્રમ છે તેમ જણાવ્યું હતું.

વરિષ્ઠ સાહિત્યકાર ગણપતભાઈ ઉપાધ્યાયના અધ્યક્ષ સ્થાને જગદીપ ઉપાધ્યાયની ટુંકી વાર્તાનું પઠન– વાચિકમ્ જાણીતાં વાર્તાકાર વાસુદેવ સોઢા, આકાશવાણીના પૂર્વ ઉદઘોષક ઉમેશ ચાવડા અને લેખિકા વર્ષાબેન જોષી દ્વારા ભાવવાહી શૈલીમાં પ્રસ્તુતિ થઈ હતી. તેમની કવિતાઓનું પઠન જાણીતાં કેળવણીકાર, ભાવક ઉદય દેસાઈ તેમજ લોકસાહિત્યકાર,ગાયક વિજય મહેતા દ્વારા થયું હતું. ઉદય દેસાઈએ કવિ જગદીપ ઉપાધ્યાય સાથેના સ્મરણો, સંવાદ યાદ કરી ભાવવિભોર થયા હતા.

સ્વરચિત કાવ્ય પાઠમાં અમરેલી પંથકના સબળ કવિઓ સર્વશ્રી અગન રાજયગુરૂ, શશીભાઈ રાજયગુરૂ, નસીમબેન પઠાણ, કનુભાઈ લિંબાસીયાએ વરસાદી માહોલમાં સરસ મજાની રચનાઓ રજૂ કરી સહુને રસ તરબોળ કરી દીધા હતા.

આ પ્રસંગે ખાસ હાજરી આપનારમા પ્રસિદ્ધ વાર્તાકાર ગોરધન



ભેસાણિયા, કેળવણીકાર લેખક રવજીભાઈ કાચા, વરિષ્ઠ કવિ ઉમેશભાઈ જોષી, લોકસાહિત્યકાર મહેન્દ્રભાઈ જોષી, કવિઓ ભાવકો સર્વશ્રી શીલા મહેતા, જાગૃતિ રાજયગરૂ, હાર્દિક વ્યાસ, મુકેશ જોગી,ગોપાલ ધકાણ,ધર્મેશ ઉનાગર, ફિરોઝ હસનાની, નિલેશ ચાંપાનેરી,ધર્મેન્દ્ર જોષી,ચેતનાબેન બાજક, કાળુભાઈ ટાંક, લવજીભાઈ ચાવડા, ઈતેશ મહેતા,ગુણવંતભાઈ જોષી,નટુભાઈ ભટ્ટ, હરગોવિંદ પંડયા,ભરત વાંઝા, અશ્વિનભાઈ મહેતા, રજનીભાઈ ભટ્ટ, જગદીશ મહેતા , ઉપાધ્યાય પરિવાર સહિત બહોળી સંખ્યામાં હાજર રહી ભાવ વિભોર થયા હતા.

સંસ્થા વતી સ્વાગત ભરતભાઈ ઉપાધ્યાયએ કરેલ.અંતમાં વરિષ્ઠ લેખક ગણપતભાઈ ઉપાધ્યાય દ્વારા દિવંગત કવિ લેખક પ્રત્યેની સંવેદનામાં સહભાગી થનાર સહુ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી. અમરેલી જિલ્લા સાહિત્ય સર્જક પરિવાર દ્વારા અધ્યક્ષના હસ્તે સર્જકોને પુસ્તક ભેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન પરેશ મહેતા દ્વારા કરવામાં આવેલ.કાર્યક્રમને સફળ.સાર્થક બનાવવામાં વાસુદેવ સોઢા, પરેશ મહેતા, ભરત ઉપાધ્યાય દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

અનિવાર્ય કારણોસર હાજર નહીં રહી શકેલ સર્જકોએ શુભેચ્છાઓ પાઠવી હતી. જેમાં સર્વશ્રી હર્ષદ ચંદારાણા, ભરત વિંઝુડા,પારૂલ બેન ખખ્ખર, બિંદુબેન ત્રિવેદી, જે.પી. ડેર, દિવ્યા સોજીત્રા, હસમુખ બોરાનીયા, જયોતિબેન પંડયા, શરદ વ્યાસ, નિલેષ પાઠક, શિવજી રૂખડા, કેતન કાનપરિયા, કેતન જોષી સહિતનાએ શુભેચ્છા સંદેશથી લાગણી વ્યક્ત કરી હતી.

### પાના ૧ ઉપરનું ચાલું તાઈવદરમાં અધુરા પુલનાં કારણે

ગામના લોકોને હાલાકીનો સામનો કરવાની ફરજ પડી રહી છે. પુલના કામકાજમાં ઓછી સિમેન્ટ, નબળું લોંખડ તેમજ કપચી અને રેતી સહિતની વસ્તુઓ સાવ નબળી કવોલિટીની વાપરવા આવતા ગામના લોકોએ કામ બંધ કરાવેલ છે.

ચોમાસામાં કાળુભાર નદીમાં પુર આવતા તાઈવદર ગામ સંપર્ક વિહોણુ બને છે. મેડિકલ સહિતની આવશ્યક સેવાઓ વખતે ગામના લોકો લાચાર બને છે. ત્યારે તાત્કાલિક અસરથી અહીં પુલનું કામ શરૂ કરવામાં આવે તેમજ જયાં સુધી પુલનું કામ પૂર્ણ ન થાય ત્યાં સુધી પાકુ ડાઈવર્ઝન આપવામાં આવે તેવી પ્રબળ લાગણી અને માંગણી કરવામાં આવી હતી.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૩૦૦ | ૧૭૩૦ |
| ૨ | શિંગ મોટી | ૧૧૫૦ | ૧૮૦૩ |
| ૩ | શિંગદાણા | ૨૦૩૦ | ૨૩૯૫ |
| ૪ | શિંગદાણા (ફાડા) | ૧૪૭૫ | ૨૦૩૦ |
| ૫ | તલ સફેદ | ૧૭૦૦ | ૩૬૦૦ |
| ૬ | તલ કાળા | ૨૬૬૨ | ૩૪૬૫ |
| ૭ | તલ કાશ્મીરી | ૩૪૫૦ | ૩૪૮૧ |
| ૮ | જુવાર | ૮૪૦ | ૯૨૭ |
| ૯ | ઘંઉ ટુકડા | ૪૬૧ | ૫૫૮ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૯૮ | ૫૧૬ |
| ૧૧ | મગ | ૧૪૨૦ | ૧૫૦૦ |
| ૧૨ | ચણા | ૬૫૧ | ૯૯૫ |
| ૧૩ | ચણા દેશી | ૮૫૧ | ૧૦૩૫ |
| ૧૪ | તુવેર | ૮૦૦ | ૧૬૫૧ |
| ૧૫ | કપાસ | ૯૦૦ | ૧૪૬૦ |
| ૧૬ | એરંડા | ૧૧૭૦ | ૧૨૨૨ |
| ૧૭ | ધાણા | ૮૫૦ | ૧૬૧૨ |
| ૧૮ | સોયાબીન | ૭૦૦ | ૯૫૦ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૭૬ | ૧૪૬૦ |
| ૨ | ચણા | ૯૦૭ | ૯૦૭ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ મોટી | ૧૪૦૦ | ૧૫૬૩ |
| ૨ | શીંગદાણા | ૧૯૦૦ | ૨૧૦૦ |
| ૩ | તલ સફેદ | ૩૦૦૦ | ૩૬૪૦ |
| ૪ | તલ કાળા | ૨૭૦૦ | ૩૩૩૦ |
| ૫ | કપાસ | ૧૨૯૦ | ૧૪૭૧ |
| ૬ | ઘઉં લોકવન | ૪૬૦ | ૫૨૪ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૭૦ | ૫૩૧ |
| ૮ | બાજરો | ૩૬૦ | ૪૪૧ |
| ૯ | જુવાર | ૫૦૦ | ૯૪૦ |
| ૧૦ | ચણા | ૮૬૦ | ૯૭૭ |
| ૧૧ | મેથી | ૧૨૪૨ | – |
| ૧૨ | રાય | ૧૨૭૦ | – |
| ૧૩ | ધાણા | ૧૨૫૦ | ૧૪૦૦ |
| ૧૪ | સોયાબીન | ૯૦૦ | ૯૫૫ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૯૬૦ | ૧૨૫૧ |
| ૨ | મગફળી | ૧૩૪૫ | ૧૪૦૧ |
| ૩ | ઘઉં | ૪૩૪ | ૪૮૩ |
| ૪ | ચણા | ૭૭૫ | ૯૧૨ |
| ૫ | તુવેર | ૧૬૦૦ | ૧૬૦૦ |
| ૬ | ધાણા | ૧૧૫૦ | ૧૧૫૦ |
| ૭ | તલ | ૨૫૨૫ | ૩૫૫૦ |
| ૮ | શીંગ ફાડા | ૧૭૫૫ | ૧૭૫૫ |
| ૯ | એરંડા | ૧૨૧૧ | ૧૨૧૧ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૩૪૦ |
| ૨ | ચણા | ૮૫૫ | ૯૮૦ |
| ૩ | ઘઉં લોકવન | ૪૬૮ | ૪૬૮ |
| ૪ | રાયડો | ૯૨૫ | ૯૨૫ |
| ૫ | એરંડા | ૧૦૨૦ | ૧૧૮૮ |
| ૬ | શીંગદાણા | ૧૫૪૫ | ૨૨૨૫ |
| ૭ | ધાણા | ૧૨૧૦ | ૧૩૯૫ |
| ૮ | તલ સફેદ | ૩૪૩૫ | ૩૫૫૦ |
| ૯ | જુવાર | ૪૨૦ | ૯૨૫ |
| ૧૦ | તુવેર | ૧૭૦૫ | ૧૭૦૫ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૦૫ | ૧૪૬૫ |
| ૨ | મગફળી | ૧૩૫૫ | ૧૩૭૫ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ સફેદ | ૨૫૦૦ | ૩૫૦૦ |
| ૨ | તલ કાળા | ૨૬૫૧ | ૨૬૫૧ |
| ૩ | કપાસ | ૭૫૦ | ૧૪૬૨ |
| ૪ | બાજરો | ૪૧૧ | ૪૫૮ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૩૧ | ૪૪૨ |
| ૬ | જુવાર | ૯૦૦ | ૧૧૦૦ |
| ૭ | તુવેર | ૧૬૨૬ | ૧૬૨૬ |
| ૮ | ચણા | ૭૦૦ | ૯૦૧ |
| ૯ | શીંગદાણા | ૨૦૫૦ | ૨૧૦૦ |
| ૧૦ | સોયાબીન | ૯૨૫ | ૯૨૫ |

### મેઘરાજાની રાજ્ય પર મહેર જારી, અનેક વિસ્તારોમાં વરસાદથી હાલાકી

# પાંચ દિવસ રાજ્યના અનેક ભાગમાં ભારે-અતિભારે વરસાદની આગાહી

અમદાવાદ, તા. ૨૮

હવામાન વિભાગની આગાહી મુજબ શનિવારે વલસાડ, દમણ, દાદરા નગર હવેલીમાં ભારેથી અતિભારે, સાબરકાંઠા, અરવલ્લી, નવસારી, તાપી, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથમાં ભારે જ્યારે રવિવારે વલસાડ, નવસારી, દમણ, દાદરા નગર હવેલીમાં ભારેથી અતિભારે, સુરત, તાપી, ડાંગમાં ભારે વરસાદ પડી શકે છે. જો કે હાલની સ્થિતિએ રાજયમાં સોમવારથી બુધવાર ભારે વરસાદની સંભાવના નહિવત છે. ફરી એકવાર ચોમાસાની આગાહી મુજબ ૨૮ નાં રોજ રાજ્યનાં પશ્ચિમ ભાગોમાં વરસાદની આગાહી કરવામાં આવી હતી.

ત્યારે આવનારા ઓગસ્ટ મહિનાનાં પ્રથમ સપ્તાહમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. ૫ ઓગસ્ટ સુધી પવન ભેજનું ગેસ્ટ પશ્ચિમ ભારત ઉપર અસર વર્તાવશે. જેનાથી દક્ષિણ ગુજરાત અને દક્ષિણ સૌરાષ્ટ્રના ભાગોમાં ભારે વરસાદ પડશે. તેમણે કહ્યું કે, ઓગસ્ટના પહેલા અઠવાડિયામાં રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં ભારે વરસાદ પડશે. ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતની નદીઓમાં પૂરની સ્થિતિ જોવા મળશે. સાબરમતી નદી બે કાંઠે વહેતી થશે. તો તાપી અને નર્મદાના જળ સ્રાવમાં પણ વધારો થશે.

આગાહી અનુસાર હજુ ગુજરાતમાં સારા વરસાદનાં સંજોગો બની રહ્યા છે. ત્યારે મુંબઈ મહારાષ્ટ્રમાં પણ ૪૦૦ મીમી વરસાદ થશે. તેમજ આહવા ડાંગ, વલસાડ અને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની શક્યતા છે. ૨૬ જુલાઈ એ ઓરિસ્સાનાં દરિયામાં ડીપ ડિપ્રેશન મજબૂત બન્યું છે. જેનાથી ઉત્તર ભારતમાં ભારે વરસાદ થશે. રાજ્યમાં ઓગસ્ટનાં પ્રથમ સપ્તાહમાં વરસાદ થશે.


મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં ભારે વરસાદ થશે. તેમજ નર્મદા અને તાપી જળસ્તરમાં વધારો રહેશે. બંગાળનાં ઉપસાગરમાં અને અરબ સાગરમાં પ્રતિ કિમી ૧૦૦ ની ઝડપે પવન ફૂંકાશે. ઓગસ્ટનાં પહેલા સપ્તાહમાં મહેસાણા, અરવલ્લી સહિતનાં વિસ્તારમાં વરસાદ રહેશે. અમદાવાદમાં વરસાદની શક્યતા છે.

ગુજરાત માટે આગામી ૨૪ કલાક બહુ જ ભારે છે. ચોમાસાનો ચોથો રાઉન્ડ હવે આવી ગયો છે. ગુજરાતમાં વરસાદ હજી ધબધબાટી બોલાવી રહ્યો છે. ત્યારે આ વચ્ચે હવામાન વિભાગની નવી આગાહી આવી ગઈ છે. ગઈકાલે રાતથી મેઘરાજા દક્ષિણ ગુજરાત પર કોપાયમાન થયા હતા. ત્યારે હવે વારો મધ્ય ગુજરાતનો છે. હવામાન વિભાગે નવી આગાહી જાહેર કરી છે. હવામાન વિભાગે આગાહી કરતા જણાવ્યું કે, છોટાઉદેપુર જિલ્લામાં કેટલાક સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદની સંભાવના છે. આગામી ૨૪ કલાક દરમિયાન દાહોદ, પંચમહાલ, વડોદરા, ભરૂચ અને વલસાડ જિલ્લામાં છૂટાછવાયા સ્થળોએ ભારેથી અતિભારે વરસાદની સંભાવના છે.

મોડી રાતથી દક્ષિણ ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં અતિભારે વરસાદ તૂટી પડ્યો છે. જેમાં સૌથી વધુ વરસાદ નવસારી જિલ્લામાં જોવા મળ્યો. નવસારી જિલ્લાની નદીઓ ભારે પાણીથી ગાંડીતૂર બની છે. પુર્ણા, અંબિકા અને કાવેરીમાં ઘોડાપૂર જેવી સ્થિતિ ઉદભવી છે. પૂર્ણા નદી ભયજનક સપાટીથી માત્ર એક ફૂટ દૂર છે. તો અંબિકા નદી ભયજનક સપાટીથી ત્રણ ફૂટ દૂર છે. કાવેરી નદી ભયજનક સપાટીથી છ ફૂટ દૂર છે. પાણી ભરાઈ જતા નવસારી શહેરના નીચાણવાળા વિસ્તારો એલર્ટ કરાયા છે. જિલ્લાની શાળા અને કોલેજોમાં રજા જાહેર કરાઈ છે.

નવસારી શહેરમાં રાત્રી દરમ્યાન ભરાયેલા વરસાદના પાણી ઉતર્યા બાદ પૂરનો ખતરો તોળાઈ રહ્યો છે. જિલ્લાનું વહીવટી તંત્ર પરિસ્થિતિને પહોંચી વળવા માટે સુસજ્જ બન્યું છે.

## અધિક માસની અમૃતધારા



### વર વગરની વહુની વાર્તા – સંકીર્તન

બ્રાહ્મણ તો મુંઝાણો ! ત્યારે બ્રાહ્મણીએ ઉપાય દેખાડયો કે 'તમે કન્યા શોધી કાઢો. કન્યાના મા–બાપ પૂછે કે વર કયાં છે ? ત્યારે કહેવાનું કે દિકરો કાશીએ ભણવા ગયો છે. એની પોથી છે એની સાથે કન્યા ત્રણ ફેરા ફરે. ચોથો ફેરો દિકરો કાશીએથી આવીને ફરશે.'

બ્રાહ્મણના ગળે વાત ઉતરી ગઈ. એ તો નીકળ્યો કન્યા શોધવા. ગામે ગામ ફરતો ત્રંબાવટી નગરીમાં આવ્યો. એક બ્રાહ્મણના ઘેર રાતવાસો કર્યો. રાતે વાળુ–પાણી કર્યા, પછી વાત નીકળી. એ બ્રાહ્મણના ઘરમાં જ કન્યા હતી. બ્રાહ્મણે કન્યા જોઈ. રૂપ રૂપના અંબાર જેવી સદ્‌ગુણી કન્યા જોઈને બ્રાહ્મણનું મન માની ગયું. કન્યાના પિતાએ પણ હા પાડી.

ઘડિયાં લગ્ન લેવાયાં, પોથી સાથે ફેરા ફરીને કન્યા સાસરે આવી ! બ્રાહ્મણના હરખનો પાર ન રહયો. એણે તો ઘરની બધી જવાબદારી વહુને સોંપી દીધી અને પોતે ધર્મ–ધ્યાનમાં લાગી ગઈ. વહુએ તો આવતા વેંત જ ઘર સંભાળી લીધુ. સાસ–સસરાની ખરા દિલથી સેવા કરતી. પુરૂષોત્તમ માસ શરૂ થતાં બ્રાહ્મણ બ્રાહ્મણી નદીએ સ્નાન કરવા જાય. વાર્તા સાંભળે, દેવદર્શન કરે અને બપોરે ઘેર આવીને તૈયાર ભોજન જમે.

એક દિવસ બ્રાહ્મણ–બ્રાહ્મણી નદીએ ન્હાવા ગયા. પાછળથી પડોશણ દેવતા લેવા આવી. વહુને જોઈને પૂછવા લાગી કે તું કોણ છે ? વહુ તો બોલી કે હું આ ઘરની વહુ છું. ત્યારે પડોશણે ખડખડાટ હસીને મહેણું માર્યુ કે બ્રાહ્મણ–બ્રાહ્મણી તો વાંઝિયા છે. તેને વળી દીકરો કેવો ને વાત કેવી ?

વહુ તો બિચારી રડવા લાગી. સાસુ સસરા આવ્યા એટલે બધી વાત કરી. બ્રાહ્મણી પડોશણને 'જુટ્ટી–અદેખી, કોઈનું સારું જોઈ શકતી નથી.' તેમ કહી ભાંડવા લાગી. પછી વહુને રાજી રાખવા સાત ઓરડાની ચાવી આપતા કહયું, 'છ ઓરડામાં **(ક્રમશઃ)**



**સંપાદક : મહેન્દ્ર જોષી**
મો. ૯૪૨૬૪ ૫૭૩૫૬ (નિવૃત કેળવણી નિરીક્ષક)

### સ્વામી વિવેકાનંદ વન અભિયાન અંતર્ગત

# અમરેલી : કે.કે.પારેખ કોમર્સ કોલેજ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

### કોલેજના વિદ્યાર્થીઓ હોંશેહોંશે જોડાયા



અમરેલી, તા.૨૮

અમરેલી કે.કે.પારેખ કોમર્સ કોલેજ ખાતે સ્વામી વિવેકાનંદ વન અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમ કરવામાં આવ્યો.

આ તકે અમરેલી એન સોમનાથ જિલ્લાનાં ઝોન પ્રભારી નેહલભાઈ (ગટુ) રામાણી તથા અમરેલી જિલ્લા સંયોજક ધાર્મિકભાઈ રામાણી તેમજ અમરેલી શહેર ભાજપ મહામંત્રી રાજેશભાઈ માંગરોળીયા અને પ્રો. જે.એમ.તળાવીયા પ્રા.વાળ ા તથા પ્રો.કયાડા, પ્રો.ત્રિવેદીની વિશેષ ઉપસ્થિતમાં કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં કોલેજનાં સ્ટુડન્ટોની પણ ઉપસ્થિતિ પણ રહેલ હતી. તેમ અખબારી યાદીમાં જણાવેલ છે.

### વિધાસભાનાં કેમ્પસ ડાયરેકટરની રજૂઆત

# અમરેલીનાં કોલેજ માર્ગ પર અકસ્માત નિવારણ અર્થે સ્પીડ બ્રેકર લગાવવા માંગ

### માર્ગ–મકાન વિભાગનાં ઈજનેરને પત્ર પાઠવ્યો

અમરેલી, તા. ૨૮

લાઠી રોડ સરદાર સર્કલથી લઈ રેલ્વે ફાટક સુધીમાં ઘણી શૈક્ષણિક સંસ્થાઓ કાર્યરત છે. તેમજ આગળ નાં વિસ્તારમાં પણ ૧૦ જેટલી શૈક્ષણિક સંસ્થાઓ સુધી જા માટે લાઠી રોડ મુખ્ય માર્ગ છે.

ફોરવર્ડ કૂલ, નુતન સ્કૂલ, મેડિકલ કોલેજ, આઈ.ટી.આઈ., ટેકનીકલ સ્કૂલ, પોલીટેકનીક કોલેજ સહિત વિદ્યાસભા કેમ્પસની કોલેજો આવેલ છે. સમગ્ર દિવસ દરમ્યાન હજારો વિદ્યાર્થીઓની અવરજવર થતી હોય છે. સાથે સાથે બંને સાઈડમાં પાર્ક પણ આવેલ છે. જેથી તેમાં પણ લોકોની અને નાના બાળકોની અવરજવર વધુ પ્રમાણમાં રહેતી હોય છે.

ટ્રાફિકનાં કારણે અનેક વખત નાના–મોટા અકસ્માતનાં બનાવો પણ બનવા પામ્યા છે. ભુતકાળમાં એક વિદ્યાર્થી અકસ્માતમાં મૃત્યુ પામેલ છે. વિદ્યાર્થી હિતને ધ્યાને રાખી આ માર્ગ પર કોલેજ સર્કલ, સાયન્સ કોલેજ ગેટ, કોમર્સ કોલેજ ગેટ અને મેડિકલ કોલેજ ગેટ સામે સ્પીડ બ્રેકર મુકવા જરૂરી છે. વધુ પડતી ટ્રાફીકથી સ્પીડ બ્રેકર મુકવા કેમ્પસ ડાયરેકટર હસમુખ પટેલ માર્ગ–મકાન વિભાગનાં ઈજનેરને પત્ર પાઠવીને માંગ કરેલ છે.

### ખાસ વાતચીત

# વોક હાર્ટ હોસ્પિટલ ગેસ્ટ્રોલોજીસ્ટ, હિપેટેટોલોજિસ્ટ ડો. પ્રફુલ કમાણી સાથે વર્લ્ડ હેપેટાઈટિસ ડે નિમીત્તે વાતચીત

(પ્રતાપભાઈ ખુમાણ દ્વારા)

સમગ્ર વિશ્વમાં આજે ૨૮મી જુલાઈ વિશ્વ કમળા દિવસ તરીકે ઉજવાય છે. આ દિવસ ઉજવવા પાછળનું કારણ લોકોને કમળાના રોગથી બચાવવા અને સાવચેત કરવાનો છે.

તો આજે આપણે રાજકોટ સ્થિત વોકહાર્ટ હોસ્પિટલના ગેસ્ટ્રોલોજિસ્ટ અને હિપેટેટોલોજિસ્ટ આ ઉપરાંત તેઓ ઈન્ડિયન મેડિકલ એસોસિએશન રાજકોટના પ્રેસિડેન્ટ પણ છે તેવા ડોકટર પ્રફુલ કમાણી એમ.ડી. ડી.એન.બી. ગેસ્ટ્રો. જેઓ કમળા અને આંતરડાનાં રોગોના નિષ્ણાંત છે અને તેઓ વોકહાર્ટ હોસ્પિટલમાં છેલ્લા ૧૬ વર્ષથી સેવા આપી રહ્યા છે.

આજે હેપેટાઈટિસ ડે નિમિત્તે તેમની સાથે ખાસ વાતચિત ફ્રી લાન્સ જર્નાલીસ્ટ પ્રતાપભાઈ ખુમાણ દ્વારા કરવામાં આવી હતી. ડોકટર કમાણી જણાવે છે કે આપણા શરીરમાં લીવર એ મોટામાં મોટું અવયવ છે અને તે પેટની જમણી બાજુ આવેલું હોય છે. લીવર બે હોય છે ડાબું અને જમણું. લીવર એ પાચનનું કામ કરે છે જો લીવર ઉપર સોજો આવે તો તેને હેપેટાઈટિસ એટલે કે કમળો કહેવામાં આવે છે. આ થવાથી ભૂખ લાગતી નથી, ઉલટી ઉબકા થાય છે, ખોરાકનું પાચન થતું નથી, પગમાં સોજા આવે છે અને જો આ સોજો આગળ વધે તો લીવરમાં ગાંઠ થાય છે જેને આપણે કમળી કહીએ છીએ. જેમાં ઘણી વખત લોહીની ઉલટી થાય છે આ ઉપરાંત



જાડો કાળો ઉતરે છે. બાળકોમાં સામાન્ય રીતે સાદો કમળો થાય છે. જેમાં અશુદ્ધ પાણી પીવાથી અશુદ્ધ ગોલા ખાવાથી સાદો કમળો થાય છે જેને હિપેટાઈટિસ એ કહેવામાં આવે છે. જે સંપૂર્ણ આરામ કરવાથી, પ્રોટીનવાળો ખોરાક લેવાથી , ઓછી ચરબી વાળો ખોરાક લેવાથી આ કમળો એકાદ બે મહિનામાં મટી જાય છે. આ ઉપરાંત ઝેરી કમળો પણ થાય છે જે હિપેટાઈટિસ બી અને હિપેટાઈટિસ ઈ તરીકે ઓળખવામાં આવે છે.

સામાન્ય રીતે ડાયાલિસિસના દર્દીઓને ઈન્ફેકશન વાળું બ્લડ ચડાવવાથી હિપેટાઈટિસ ઈ ની શકયતાઓ વધી જાય છે અને ખાસ કરીને યુવાનોમાં ટેટુ જે ચીતરાવવામાં આવે છે એ ટેટુની નીડલ કોમન વપરાવાથી એકબીજાનું ઈન્ફેકશન લાગે છે. જેનાથી હિપેટાઈટિસ બી થવાની શકયતાઓ વધી જાય છે. સમગ્ર વિમાં લીવરનાં કેન્સર થવાનું મુખ્ય કારણ હિપેટાઈટિસ બી છે. ખાસ કરીને સગર્ભા મહિલાઓએ હિપેટાઈટિસ બી માટે ખૂબજ કાળજી રાખવી. જયારે આ રોગના લક્ષણો આપણને જોવા મળે ત્યારે બેદરકારી રાખ્યા વગર તાત્કાલિક લીવરના રિપોર્ટ કરાવવા જોઈએ અને લીવર સ્પેશિયાલિસ્ટની સલાહ પ્રમાણે દવાઓ ચાલુ કરી દેવી જોઈએ. સામાન્ય રીતે સતત આરામ કરવાથી અને નિયમિત દવાઓ લેવાથી આ લીવરના રોગ મટી શકે છે. પરંતુ મોટી ઉંમરના લોકોમાં આલ્કોહોલના કારણે લીવરની અંદર સોજો આવે છે. દારૂ પીવાથી પેંક્રિયાઝને પણ નુકશાન થાય છે. લીવરની દીવાલો જાડી થઈ જાય છે અને લીવરનું ફંકશનિંગ તદ્દન બંધ થઈ જાય છે. ત્યારે જે લોકો આલ્કોહોલ લે છે તેમણે નિયમિત રીતે લીવરની તપાસ કરાવવી જોઈએ અને બ્લડમાં આલ્કોહોલનું લેવલ ૭૦ થી વધારે આવે તો દારૂ બિલકુલ બંધ કરી દેવો જોઈએ. જેથી સમયસર ખ્યાલ આવે કે લીવર કેટલું નુકસાન પામેલું છે. કારણ કે આ રોગમાં મોડું થવાથી લીવર ટ્રાન્સપ્લાન્ટ સુધીના આપણે પ્રયાસો કરવા પડે છે. જે ખૂબ જ ક્રિટિકલ છે અને ખૂબ જ ખર્ચાળ છે માટે જે લોકો ભૂખ્યાપેટે આલ્કોહોલનું સેવન કરે છે અને આલ્કોહોલ લીધા પછી કસરત કરતા નથી તેના માટે આ જોખમકારક બની જાય છે. ખાસ તો ડાયાબિટીસનાં દર્દીઓએ લીવર તંદુરસ્ત રાખવા સ્યુગર કંટ્રોલમાં રાખવી ખુબજ જરૂરી છે. જેમનું પેટ બહાર આવતું હોય જેને સેન્ટર ઓબેસીટી કહેવાય છે, તેનાથી પણ લીવરને નુકશાન થતું હોય છે માટે વજન ઘટાડવું જોઈએ.

લીલા શાકભાજી, ખુબજ પાણી પીવાથી અને નિયમિત કસરત કરવાથી લીવર તંદુરસ્ત રહે છે.

# રાજયનાં ડીજીપી કચેરીની મુલાકાત લેતા કાંતિલાલ પરમાર



અમરેલી, તા. ૨૮

ગાંધીનગર–રાજય પોલીસ મહાનિર્દેશક (ડીજીપી) અને રાજયના પોલીસ વડાની કચેરીમાં રાજયમાં અનુસૂચિત જાતિ અને જન જાતિના લોકો પર થતા અત્યાચારો, ભેદભાવ, શોષણ અને એટ્રોસિટી એકટનાં અમલીકરણ બાબતે માનવ અધિકાર કાર્યકર્તા કાંતિલાલ પરમાર અને પ્રિયકાન્ત કલાપી દ્વારા મુલાકાત કરી અને રજૂઆત કરી, એડિશનલ ડીજીપી એસ.સી./એસ.ટી. સેલમાં પણ રજૂઆત કરેલ.

### ચેરમેન હરજીભાઇ નારોલાનાં અધ્યક્ષસ્થાને

# દામનગર નાગરિક શરાફી સહકારી મંડળીની ૨૬મી વાર્ષિક સાધારણ સભા મળી

### રૂપિયા ૬૨.૨૧ લાખનો નફો : ૧૦ ટકા ડિવિડન્ડ

અમરેલી, તા.૨૮

દામનગર નાગરિક શરાફી સહકારી મંડળી લી.ની ૨૬ મી વાર્ષિક સાધારણ સભા મંડળીનાં સ્થાપક ચેરમેન હરજીભાઈ નારોલાનાં અધ્યક્ષ સ્થાને મળ ી હતી. વાર્ષિક સાધારણ સભામાં વર્ષ ૨૦૨૨–૨૩ ના હિસાબો રજુ કરતા નારોલા જણાવ્યું હતું કે ગત વર્ષ દરમિયાન મંડળ ીએ ૬૨.૨૧ લાખનો ચોખ્ખો નફો કરેલ છે. જે આગલા વર્ષ કરતા ૮ લાખ વધુ છે. મંડળ ીનું શેર ભંડોળ ૬૩.૭૬ લાખ, રીઝર્વ ફંડ ૧૬૮.૯૦ લાખ, અન્ય ફંડ ૨૬૪.૪૩ લાખ છે. મંડળી ૪૨૩ લાખની થાપણો ધરાવે છે. મંડળીનું કુલ ધિરાણ ૭૮૬ લાખ છે. ૩૨૦૯ સભાસદ ધરાવતી મંડળીનો ઓડીટ વર્ગ 'અ' આવેલ છે. મંડળીનું એન.પી.એ.૦ શુન્ય છે. સભાસદોને ૧૦% ડીવીડન્ડ જાહેર કરવામાં આવ્યું છે. સભાસદનું આકસ્મિક મૃત્યુ થાય ત્યારે મંડળીનાં સ્વભંડોળમાંથી મૃતકના વારસદારને રૂા.૫૦,૦૦૦ની સહાય આપવામાં આવે છે. અત્રે યાદ રહે કે દામનગર નાગરિક શરાફી સહકારી મંડળી સાર્વજનિક હેતુસર સેવાઓમાં પણ સતત આર્થિક યોગદાન આપી રહી છે.

વાર્ષિક સાધારણ સભામાં ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, માકેટિંગયાર્ડનાં ચેરમેન ભગવાનભાઈ નારોલા, અગ્રણીઓ અમરશીભાઈ નારોલા, સંજયભાઈ તન્ના, બટુકભાઈ શિયાણી, હિમતભાઈ આલગિયા, ઘનશ્યામભાઈ પરમાર, ઝવેરભાઈ લાતીવાળા, સતીષભાઈ ગૌસ્વામી, ધીરૂભાઈ નારોલા, ભોળાભાઈ બોખા, જીતુભાઈ બલર, ભાવેશભાઈ ખખ્ખર, આર.કે.નારોલા, દેવચંદભાઈ આલગીયા, કાસમભાઈ મીલવાળા, જયંતીભાઈ બોખા, પત્રકાર નટુભાઈ ભાતીયા વિગેરે હાજર રહયા હતા.

બોર્ડ ઓફ ડિરેકટર્સમાં હરજીભાઈ નારોલા, વસંતભાઈ મોણપરા, રાજેશભાઈ કનાડીયા, લાલજીભાઈ નારોલા, દિલીપભાઈ ભાતીયા, મોઈઝભાઈ ભારમલ, અશોકભાઈ બાલધા, કૌશિકભાઈ બોરીચા, દેવચંદભાઈ આસોદરિયા, અરજણભાઈ નારોલા, બીપીનભાઈ મસરાણી, ઈશ્વરભાઈ નારોલા, પ્રજ્ઞાબેન અંજમેરા, કુસુમબેન સવાણી, જાગૃતિબેન ભટ્ટ વિગેરે કાર્યરત છે. કાર્યક્રમને સફળ બનાવવા મેનેજર દિનેશભાઈ પટેલ, અનિલભાઈ જાગાણી, જય નારોલા, સીરાજભાઈ ભારમલ તથા નીતિનભાઈ ચૌહાણ વિગેરેએ જહેમત ઉઠાવી હતી.

### સર્વિસ મોડ્યુલ પ્રોપલ્શન સિસ્ટમનું સફળ પરીક્ષણ

# ચંદ્રયાન-૩ના સફળ લોન્ચ બાદ ગગનયાન મિશનની તૈયારી શરુ

### ઈસરો દ્વારા ગગનયાન પ્રોજેક્ટમાં ત્રણ સભ્યોની ટીમને ત્રણ દિવસના મિશન માટે ૪૦૦ કિમીની ભ્રમણ કક્ષામાં મોકલાશે

બેંગલુરૂ, તા.૨૮

ઈસરોએ ચંદ્રયાન-૩ના સફળ લોન્ચ બાદ હવે ગગનયાન મિશનની તૈયારી શરુ કરી દીધી છે. આ મિશન માટે ગઈકાલે ઈસરોએ સર્વિસ મોડ્યુલ પ્રોપલ્શન સિસ્ટમનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યુ હતું. ૪૪૦ ન્યૂટન થ્રસ્ટ સાથે પાંચ લિક્વિડ એપોજી મોટર્સ (એલએએમ) અને ૧૦૦ ન્યૂટન થ્રસ્ટ સાથે ૧૬ રિએક્શન કંટ્રોલ સિસ્ટમ (આરસીએસ) થ્રસ્ટર્સનું સફળતાપૂર્વક ફ્લાઈટ પરીક્ષણ કરવામાં આવ્યું છે. ગગનયાન પ્રોજેક્ટમાં ત્રણ સભ્યોની ટીમને ત્રણ દિવસના મિશન માટે ૪૦૦ કિમીની ભ્રમણકક્ષામાં મોકલવામાં આવશે અને ત્યારબાદ તેને ભારતીય પ્રાદેશિક જળસીમામાં સુરક્ષિત રીતે પૃથ્વી પર ઉતારવામાં આવશે. આ મિશનમાં ભાગ લેનારા અવકાશયાત્રીઓને ગગનૌટ કહેવામાં આવશે. આ મિશન માટે અવકાશ યાત્રીઓની પસંદગી કરવાનું કામ ભારતીય વાયુસેનાને આપવામાં આવ્યું હતું. ચંદ્રયાન-૩ પછી ઈસરોનું ગગનયાન મિશન ઘણી રીતે ભારત માટે ખાસ હશે. ઈસરોઆ મિશન દ્વારા પૃથ્વીની નીચલા ભ્રમણકક્ષા (લીયો)માં માનવયુક્ત અવકાશયાન મોકલશે. ઈસરોનો ઉદ્દેશ્ય મનુષ્યોને પૃથ્વીની નીચલી ભ્રમણકક્ષામાં મોકલવાનો અને આમ કરવા માટે સ્વદેશી ક્ષમતા વિકસાવવાનો છે. આ માટે મોટા પાયે તૈયારીઓ કરવામાં આવી છે. ઈસરોનો દાવો છે કે સુરક્ષાની દૃષ્ટિએ આ મિશન માટે જઈ રહેલા અવકાશયાત્રીઓને પૃથ્વી પર મળે તેવી લાઈફ સપોર્ટ સિસ્ટમ આપવામાં આવશે. તેમની સુરક્ષા માટે ખાસ કાળજી લેવામાં આવી છે. મિશન શરૂ કરતા પહેલા અનેક ટેસ્ટ કરીને તેમની સુરક્ષાની ચકાસણી કરવામાં આવશે. આમાં એર ડ્રોપ ટેસ્ટ (આઈએડીટી), પેડ એબોર્ટ ટેસ્ટ (પીએટી) અને ટેસ્ટ વ્હીકલ (ટીવી) ફ્લાઈટનો સમાવેશ થાય છે. આ પરીક્ષણોના પરિણામો જ જણાવશે કે આ મિશન અવકાશયાત્રીઓને લઈ જવા માટે કેટલું સક્ષમ છે. ગગનયાન મિશન બનાવવામાં ઈસરોએ ડીઆરડીઓઅને હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડની પણ મદદ લીધી છે. જો ઈસરોઅવકાશયાત્રીને અવકાશમાં મોકલવામાં સફળ થાય છે, તો તે અમેરિકા, રશિયા અને ચીન પછી માનવીને અવકાશમાં મોકલનાર ચોથો દેશ બની જશે. ગગનયાનને ઈસરોના રોકેટ એલવીએમ-૩થી લોન્ચ કરવામાં આવશે. તેને બાહુબલી રોકેટ પણ કહેવામાં આવે છે. આ પહેલા ઓક્ટોબર ૨૦૨૨માં એલવીએમ-૩ રોકેટે ૩૬ ઉપગ્રહો સાથે ઉડાન ભરી હતી. ઈસરોદ્વારા બનાવવામાં આવેલ સૌથી શક્તિશાળી રોકેટ લોન્ચર છે.

આ રોકેટ ત્રણ તબક્કામાં કામ કરે છે. તેના પ્રથમ તબક્કામાં, થ્રસ્ટ માટે બે ઘન ઈંધણ બૂસ્ટર સ્થાપિત કરવામાં આવ્યા છે. આ સિવાય કોર થ્રસ્ટ માટે લિક્વિડ બૂસ્ટર ઈન્સ્ટોલ કરવામાં આવ્યું છે. આ રોકેટથી ચંદ્રયાન-૩ પણ લોન્ચ કરવામાં આવ્યું છે. એલવીએમ-૩ રોકેટમાં ફેરફાર કરીને તેને ગગનયાન મિશન માટે માનવરહિત બનાવવામાં આવ્યું છે. એલવીએમ-૩ના ઉપરના ભાગમાં ક્રૂ એસ્કેપ સિસ્ટમ સ્થાપિત કરવામાં આવી છે જેથી કરીને કોઈપણ કટોકટીની સ્થિતિમાં અવકાશયાત્રીને બચાવી શકાય. ઈસરોએ જણાવ્યું હતું કે, ડી-બૂસ્ટિંગ આવશ્યકતાઓ અને બિન-નોમિનલ મિશન દશ્યો દર્શાવવા માટે વધુ ત્રણ ગરમ પરીક્ષણો સુનિશ્ચિત કરવામાં આવ્યા છે. એસએમપીએસને બેંગલુરુ અને વાલિયામાલા, તિરુવનંતપુરમ ખાતે સ્થિત લિક્વિડ પ્રોપલ્શન સિસ્ટમ્સ સેન્ટર દ્વારા ડિઝાઈન અને વિકસાવવામાં આવી છે.

ગગનયાન મિશન પર લગભગ ૧૦ હજાર કરોડ રૂપિયાનો ખર્ચ થશે. આ મિશન પર અત્યાર સુધીમાં ૩ હજાર કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. ગગનયાન મિશન ત્રણ તબક્કામાં પૂર્ણ થશે. પ્રથમ તબક્કો માનવરહિત હશે. બીજા તબક્કામાં રોબોટને મિશન પર મોકલવામાં આવશે. પરિણામો અને સુરક્ષાના પાસાઓ પર ધ્યાને રાખીને જો બધું બરાબર રહેશે તો ત્રીજા તબક્કામાં ત્રણ અવકાશયાત્રીઓને મોકલવામાં આવશે.

# પાણીયા ગામે સમસ્ત કોળી સમાજની બેઠક મળી



અમરેલી, તા.૨૮

અમરેલી તાલુકાનાં પાણીયા ગામે સમસ્ત કોળી સમાજ મિટીંગ મળી ગયેલ આ મિટીંગના પ્રમુખ સ્થાને અમરેલી જિલ્લા કોળી સેવા સમાજ પ્રમુખ રમેશભાઈ ગોહિલ, સવજીભાઈ ડી.ડાભી અમરેલી તાલુકા કોંગ્રેસ આગેવાન, બાબુભાઈ કુંકાવાવ, ભુપતભાઈ એમ.ડાભી, ભુપતભાઈ મોહનભાઈ, ચિમનભાઈ ડાભી, મનસુખભાઈ કરશનભાઈ, દેવરાજભાઈ વિરજીભાઈ તેમજ પાણીયા ગામ અને આજુ બાજુ વિસ્તારનાં કોળી સમાજ આગેવાનો હાજર રહીયા હતા.

પાણીયા ગામ કોળી સમાજનાં સંગઠનની ભાવના સાથે જાત મહેનત દ્વારા સમસ્ત કોળી સમાજ એકબની પાણીયા ખાતે કોળી સમાજની વાડી બનવવા અને સંગઠન તથા શિક્ષણ ઉપર ભાર મુકવામાં આવેલ.

### જેસર તાલુકામાં બાદબાકી કરાઈ

# સાવરકુંડલા તાલુકામાં હિપાવડલી અને પીરડી ગામનો સમાવેશ થશે

### ગામજનોમાં ખૂશીનો માહોલ છવાયો

સાવરકુંડલા, તા. ૨૮

ગત તારીખ ૨૭/૦૭/૨૦૨૩ ના રોજ સરકારના પરિપત્ર મુજબ જેસર તાલુકાના હિપાવડલી તથા પીપરડી ગામને ફરી સાવરકુંડલા તાલુકામાં સમાવેશ કરતા ગ્રામજનોમાં અનેરો આનંદ જોવા મળ ી રહ્યો છે.

ગ્રામજનો દ્વારા ૧૦૮નું બિરૂદ ધરાવતા સાંસદ નારાણભાઈ કાછડીયા તેમજ નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા તથા પ્રખર પ્રવકતા–સાવરકુંડલા–લીલીયાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, માજી કૃષિ મંત્રી સ્વ. વી.વી. વઘાસીયાના અથાગ પ્રયત્ન થકી હિપાવડલી તેમજ પીપરડી ગામને સાવરકુંડલા તાલુકામાં સમાવિષ્ટ કરી આ પ્રજાલક્ષી નિર્ણયને સમગ્ર રહીશો આવકારી રહ્યા છે.

સમગ્ર હિપાવડલી ગ્રામ પંચાયત, આગેવાન તેમજ સમગ્ર ગામના રહીશો તમામ રાજકીય આગેવાનોનો અંતઃકરણપૂર્વક આભાર વ્યકત કરવામાં આવેલ.

''અમરેલી એકસપ્રેસ''
અમારૂ ઇ–મેઇલ એડ્રેસ
''અમરેલી એકસપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઇ–મેઇલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
''અમરેલી એકસપ્રેસ'' દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ ગોળ દવાખાના કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી.

અમરેલીની જનતાના હિતમાં નિર્ણય લઈ ગોળ હોસ્પિટલ દ્વારા "આયુષ્યમાન કાર્ડ" અંતર્ગત તદ્દન મફતમાં સર્જરી વિભાગ ચાલુ કરે છે

અમરેલીના પ્રખ્યાત સર્જન દ્વારા ઓપરેશન કરવામાં આવશે

ડૉ. પ્રદિપ ધડુક
M.S.જનરલ સર્જન

ડૉ. કાજલ બગડા
M.S.Ayu.(હરસ-મસા-ભગંદરનાં નિષ્ણાંત)

- હરસ-મસા-ભગંદર અને ફીસરનાં ઓપરેશન.
- મળમાર્ગને લગતા રોગોની સારવાર ઉપલબ્ધ.
- હર્નિયા (સારણગાંઠ), સુન્નતના ઓપરેશન.
- દુરબીન દ્વારા એપેન્ડિક્ષ તથા પિતાશયની કોથળીનું ઓપરેશન
- સ્તનની સાદી ગાંઠ, રસોળી, ચરબીની ગાંઠના ઓપરેશન.
- હાઈડ્રોસીલ (વધરાવળ)નું ઓપરેશન.

: નોંધ : બાજુમાં દર્શાવેલ ઓપરેશન (સર્જરી) આયુષ્યમાન કાર્ડમાં તદ્દન ફ્રી માં કરી આપવામાં આવશે


### 'અમરેલી એક્સપ્રેસ' દૈનિકમાં અહેવાલ પ્રસિધ્ધ થતાં

# ચલાલા પાલિકાનાં વહીવટદાર દ્વારા દવા છંટકાવ સહિતની કામગીરી શરૂ થતાં શહેરીજનોમાં રાહત

### જનતાજનાર્દનની રોજબરોજની સમસ્યા પ્રસિધ્ધ કરીને 'અમરેલી એક્સપ્રેસ' તેની ફરજ બજાવે છે : તલાટીયા






અમરેલી, તા. ૨૮

આઝાદ ભારતના અનેક વિશ્વખ્યાતી પામેલ અજાયબી છે જેમાં અખબાર પણ એક રાષ્ટ્રની અજાયબી છે. ત્યારે જો અખબાર અને નિડર નિષ્ઠાવાન પત્રકારો અને વર્તમાન પત્રો સાચી નિષ્ઠા અને નિઃસ્વાર્થ પોતાનું કર્તવ્ય બજાવે તો રાષ્ટ્ર રાજય અને જીલ્લાનાં છેવાડાના માનવીઓની

અનુસંધાન પાના ૬ ઉપર

# પવિત્ર મહિનામાં હિંડોળા દર્શન



હાલ પવિત્ર અધિક માસનો પવિત્ર તહેવાર ચાલી રહ્યો હોય. ત્યારે લીલીયા મોટા ખાતે આવેલ બાલકૃષ્ણ લાલજીની હવેલીમાં હિંડોળા ઉત્સવ ધામધૂમપૂર્વક ચાલી રહ્યો છે. ઠાકોરજીની અનેક લીલાઓના ફલોટ, વૃંદાવન, ગોકુળ, મથુરાના અનેક પ્રકારના ગામડાના જીવન આબેહૂબ ફલોટ, અનેક પ્રકારની રોશની વચ્ચે હિંડોળા મહોત્સવ ચાલી રહ્યો છે. હવેલીના મુખ્યાજી રવિભાઈ ભટ્ટ અને રીનાબેન ભટ્ટ દ્વારા વૈષ્ણવોને અનેક શૃંગારના દર્શન હિંડોળાના માધ્યમથી કરાવી રહ્યા છે. બાલકૃષ્ણ હવેલીની સંગીત ટીમ દ્વારા ઠાકોરના અનેક ધોળ પદ ગાયને ઓરકેસ્ટ્રાના સથવારે વૈષ્ણવો ધન્યતા પ્રાપ્ત કરી રહ્યા છે. આવતા શ્રાવણ સુધી ચાલનારા અનેક વિવિધ હિંડોળા દર્શનનો લાભ લેવા હવેલીના મુખ્યાજી રવિભાઈ ભટ્ટ દ્વારા આમંત્રણ આપવામાં આવી રહ્યું છે. હિંડોળાને શણગારવામાં અનેક પ્રકારની નવી નવી ઝાંખીના દર્શન કરાવવા ટ્રસ્ટીઓ અને યુવાનોની ટીમ ભારે જહેમત ઉઠાવી રહી છે. સાંજના પાંચથી સાત દર્શનાર્થીઓની લાંબી લાઈન જોવા મળે છે તેમ ઈમરાન પઠાણની યાદીમાં જણાવેલ છે.

### મીડિયામાં અહેવાલ પ્રસિધ્ધ થતાં

# રાજુલામાં બિસ્માર માર્ગની મરામત પાલિકા દ્વારા શરૂ કરવામાં આવી

### શહેરીજનોમાં રાહતની લાગણી ફરી વળી

રાજુલા, તા.૨૮

રાજુલા શહેરમાં ચોમાસામાં માર્ગો બિસ્માત થતાં મોરમ પાથરવાની કામગીરી શરૂ થતા લોકોમાં રાહતની લાગણી ઉભી થઈ છે

રાજુલા શહેરમાં ચોમાસાના લીધા શહેરના વિવિધ મુખ્ય માર્ગો તેમજ સોસાયટીના માર્ગમાં તૂટી જતા અને ખાડાઓ પડી જતા લોકોને ભારે પાડી રહી હતી તે બાબતે અખબારી અહેવાલ પ્રસિદ્ધ થયા હતા. જેના અનુસંધાને નગરપાલિકા દ્વારા

અનુસંધાન પાના ૬ ઉપર



### જાફરાબાદ નજીક આવેલ

# ટીંબી ગામે કપડા સુકવવા બાબતે બોલાચાલી થતાં ભાઈ-ભાભીએ બહેનને આડેધડ માર માર્યો

### ભાઈએ બહેનને માથામાં પકડ ઝીંકી દીધી

અમરેલી, તા. ૨૮

જાફરાબાદ તાલુકાનાં ટીંબી ગામે રહેતા રસીદાબેન રમજુભાઈ સરવૈયા નામની ૫૦ વર્ષિય મહિલાએ પોતાના ધાબળા–ગોદડા ધોઈને સુકવેલ હોય. તેની બાજુમાં તેણીના ભાભી શબાનાબેને પણ ખરાબ કપડા સુકવતા આ અંગે નણંદે ભાભીને ઠપકો આપતા તેણીનાં ભાઈ હનીફભાઈ તથા ભાભીને સારૂ નહી લાગતા આરોપી ભાઈ–ભાભીએ મહિલાને લાકડી વડે આડેધડ માર મારી તથા પકકડ માથામાં મારી બહેનને ઈજા કર્યાની ફરિયાદ નાગેશ્રી પોલીસમાં નોંધાયેલ છે.

### અમૃતધારા સોસાયટીમાં રહેતા કૌશલ ભીમાણી વિરૂધ્ધ ફરિયાદ

# અમરેલી ખાતે રહેતી એક પરિણીતાનાં ન્યુડ ફોટાઓ વાયરલ કરવાની ધમકી આપી બળાત્કારની કોશિષ

### રાજહંસ રેસ્ટોરન્ટની જાહેરાત માટે પરિણાતાનાં સેલ્ફી ફોટા લીધા હતા

અમરેલી, તા. ૨૮

અમરેલીમાં રહેતી એક ૩૫ વર્ષિય પરિણીતાનાં એકાદ વર્ષ પહેલા અમરેલીનાં ચકકરગઢ રોડ ઉપર આવેલ સંકુલ સામે અમૃતધારા સોસાયટીમાં રાજહંસ રેસ્ટોરન્ટમાં ઢોસા ખાવા ગયેલ હતા. ત્યારે રેસ્ટોરન્ટનાં સંચાલક આરોપી કૌશલ ભીમાણીએ હોટલની જાહેરાત કરવા સારૂ પરિણીતાનાં સેલ્ફી ફોટાઓ લીધેલ અને બાદમાં પરિણીતાની સહમતીથી તેણી સાથે અવાર–નવાર શરીર સબંધ બંધાયેલ હતા. ત્યારે આરોપીએ પરિણીતાનાં ન્યુડ ફોટા પાડી લીધેલ હતા. બાદમાં પરિણીતાએ સબંધ નહી રાખવાનું કહેતા આરોપીએ પરિણીતાને ફોટા બતાવી વાયરલ કરી નાખવાની ધમકી આપી તેણીનાં ઘરે જઈ પરિણીતા સાથે બળાત્કાર કરવાના ઈરાદે તેણીના કપડા ફાડી નાખી બળાત્કાર કરવાની કોશિષ કરી હતી. પરંતુ તેણીનાં ઘર બહાર વાહન આવવાનો અવાજ આવતા આરોપી નાશી ગયેલ હતો. આ બનાવ અંગે ભોગ બનનાર પરિણીતાએ કૌશલ નારણભાઈ ભીમાણી સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

# રાજુલામાં જુગાર રમતાં પાંચ પત્તાપ્રેમીઓ ઝડપાયા



અમરેલી, તા. ૨૮

રાજુલા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ. સી.એસ. કુગસિયાની સુચના અને માર્ગદર્શન નીચે રાજુલા પોલીસ ટીમ દ્વારા રાજુલા ટાઉન

અનુસંધાન પાના ૬ ઉપર


શ્રદ્ધાંજલિ



સ્વ. હિતેષભાઇ જયંતીભાઇ મનાણી
(ઉ.વ. 33)
સ્વ.તા. ૨૦/૦૭/૨૦૨૩, મુ. અમરેલી

સમય જીંદગીનો ઓછો હશે કયાં ખબર હતી ? વિદાય તમારી અણધારી હશે કયાં ખબર હતી ?
પળે પળે યાદ આવશે તમારી નજરે ચડશે તસ્વીર તમારી, અમને ખોટ રહેશે સદાયે તમારી,
પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને ચિરઃશાંતિ અર્પે એજ પ્રાર્થના...

લી.

ચંદુભાઈ વોરા (પ્રમુખ)
દિપકભાઈ મહેતા (ઉપપ્રમુખ)
જીજ્ઞેશભાઈ રામાણી (ઉપપ્રમુખ)
હિરેનભાઇ રાછડીયા (સહખજાનચી)
સંજયભાઈ વાગડિયા (મહામંત્રી)
દયાળભાઇ સંઘાણી (સહમંત્રી)
મહેશભાઈ કાબરીયા (સહમંત્રી)
હિંમતભાઇ સોળિયા (સહમંત્રી)
જયંતીભાઈ ડોબરીયા (કમિટી મેમ્બર)
નરેશભાઈ સાકરીયા (કમિટી મેમ્બર)

અમરેલી બિલ્ડર્સ એસોસિએશન તમામ સદસ્યશ્રીઓ...

અમરેલી બિલ્ડર એસોસિએશન



Krishna DINING HALL

ક્રિષ્ના ડાઈનીંગ હોલ

અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...

ફુલ ગુજરાતી થાળી

પાર્સલ સુવિધા ઉપલબ્ધ

સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ

અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.

પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી.
(૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧

: હેડ ઓફિસ :
ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૬૦૨



Since 1986
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.

માં-બાપ આપણા માટે ATM કાર્ડ બની શકે છે, તો આપણે એમના માટે AADHAR કાર્ડ કેમ બની શકતા નથી !!!

લાઇવ ૨૨ કેરેટ દાગીનાના ભાવ જાણવા મીસ કોલ કરો 95558 11166

એ-૧૯, ઇન્દીરા માર્કેટ, અમરેલી Ph. No. (02792) 223770/226868



## અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લિ. અમરેલી

'ભોજલરામ ભવન', રાજમહેલ રોડ, હેડ–ઓફિસ, અમરેલી. ફોન નં. ૦૨૭૯૨–૨૨૨૬૦૧, ૨૨૧૯૩૮
ઈ–મેઈલ : ajmsbank@yahoo.co.in

### બેંકના જુના રેકર્ડના નિકાલ માટે રદી પસ્તી તથા પુઠા અને ઓલ્ડ રેકર્ડ/વાઉચરના વેચાણ બાબત

આથી બેંક દ્વારા સબંધકર્તા ઈસમોને જણાવવામાં આવે છે કે, આ બેંકના જુના રેકર્ડ નાશ કરવા માટે રદી પસ્તી તથા પુઠા અને ઓલ્ડ રેકર્ડ/વાઉચરના વેચાણ કરવા માટે નીચે મુજબની શરતોથી ભાવો સીલબંધ કવરમાં તા. ૧૪/૦૮/૨૦૨૩ સુધીમાં અમોને રૂબરૂ આપવા માટે જાહેરાત આપવામાં આવે છે.

**શરતો :–**

૧. આ બેંકની હેડ ઓફિસના રેકર્ડ પૈકી ચેકો/વાઉચર્સના નાના ટુકડા તથા અન્ય રેકર્ડના પણ નાના ટુકડા કરી વજન કરી તમારા થેલામાં જ બાંધી તમારે પોતે અત્રે હેડ ઓફિસ અમરેલીથી લઈ જવાનું રહેશે.
૨. સદર રેકર્ડ પેપરમીલમાં લઈ જઈ હોજમાં નખાવી તેનો પલ્પ બનાવડાવી તે અંગેનું પેપર મીલનું સર્ટીફીકેટ તમારે રજુ કરવાનું રહેશે અને આ બાબતની સંપૂર્ણ જવાબદારી તમારી રહેશે.
૩. ભાવ સાથે રૂા. ૧૦,૦૦૦/– (દસ હજાર પુરા) બેંકમાં ડીપોઝીટ તરીકે આપવાના રહેશે જે કામ પુરૂ થયે પેપરમીલનું લેખીત સર્ટીફીકેટ રજુ કર્યા બાદ ડીપોઝીટની રકમ પરત ચુકવવામાં આવશે.
૪. જે દિવસે જે તે શાખામાંથી (દરરોજ) જેટલો રેકર્ડ (પસ્તી) લઈ જવામાં આવે તેટલા જથ્થાનું વજન કરી નિયમ મુજબની થતી રકમ રોકડેથી બેંકની જે તે શાખામાં જમા કરાવવાની રહેશે.
૫. સદર જુનું રેકર્ડ (પસ્તી) બેંકની તમામ શાખામાંથી તમારા ખર્ચે લઈ જવાનું છે.
૬. સદર કાર્યવાહી આગામી તા. ૨૦/૦૯/૨૦૨૩ સુધીમાં પૂર્ણ કરવાની રહેશે.
૭. વધુ જાણકારી માટે નીચે મુજબના અધિકારીશ્રીઓનો સંપર્ક કરવો.
૧. શ્રી બી.એસ. કોઠીયા – જનરલ મેનેજર (સી.ઈ.ઓ.) – ૯૮૨૫૨ ૩૫૪૭૫
૨. શ્રી એ.બી. ગોંડલીયા – એડીશનલ જનરલ મેનેજર – ૯૪૨૮૭ ૯૬૩૪૧

સ્થળ :– હેડ ઓફીસ, અમરેલી.
તારીખ :– ૨૮/૦૭/૨૦૨૩

(બી.એસ. કોઠીયા)
જનરલ મેનેજર (સી.ઈ.ઓ.)
અ.જી.મ.સ.બેંક લી., અમરેલી.

**નોંધ : સદર ટેન્ડર અંગે આખરી નિર્ણય કરવાનો અધિકાર અમો બેંકને અબાધિત રહેશે. જેની નોંધ લેવી.**


*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)